વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી

૧૫ એપ્રિલ-૨૦૧૭
અંક નં. ૫૨



અખિલ ગુજરાત બધિર શાળા સંચાલક મંડળનું, 'ચોથું ત્રિમાસિક અધિવેશન'



વર્કશોપનું ઉદ્‌ઘાટન કરતાં ડૉ. કમલેશકુમાર પાંડે તથા મહાનુભાવો



પેટ તથા આંતરડાના રોગોના કેમ્પનું ઉદ્‌ઘાટન કરતાં મહાનુભાવો



પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે શ્રી લાભુભાઈ સોનાણી



સી.પી. બાળકોની હોળી-ધૂળેટીની ઉજવણી



રીલે દોડમાં રાષ્ટ્રીયકક્ષાએ બે સિલ્વર મેડલ મેળવ્યા



શ્રવણમંદ બાળકોનું ફોટોગ્રાફી પ્રદર્શન



સી.આર.ઈ. પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન કરતા મહાનુભાવો

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 April-2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# ચેન્નાઈ ખાતે યોજાયેલ નેશનલ ગેઈમમાં શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળાની અનેરી સિદ્ધિ

**આજ સુધી લગભગ તેને ગોલ્ડન, સિલ્વર અને બ્રોન્ઝ મળીને કુલ ૪૪ મેડલો મળી ચૂક્યાં છે.**



**ઓલ ઈન્ડિયા સ્પોર્ટસ કાઉન્સીલ ઓફ ધી ડેફ** દ્વારા ચેન્નાઈ ખાતે, **૨૧મી નેશનલ ગેઈમ્સ ઓફ ધી ડેફ** તા.૨૮ માર્ચથી ૩૧ માર્ચ-૧૭ દરમિયાન યોજાઈ ગયેલ. જેમાં ભારતમાંથી અંદાજિત ૨૪ જેટલાં રાજ્યોએ ભાગ લીધેલ. જેમાં ગુજરાત રાજ્યના ૪૨ ખેલાડીઓએ ભાગ લીધેલ. જેમાં ગુજરાતને કુલ ૧૫ મેડલ પ્રાપ્ત થયેલ. આ નેશનલ ઈવેન્ટમાં ભાવનગરની શ્રી શાહ ખી. લ.બહેરાં મૂંગા શાળાના ૪ ખેલાડીએ ભાગ લીધેલ. જેમાં ૪ X ૪૦૦ રીલે દોડ તથા ૪ X ૧૦૦ રીલે દોડ બંનેમાં બીજો નંબર મેળવી ૨ **સિલ્વર મેડલ** પ્રાપ્ત કરી શાળા અને ભાવનગરનું નામ રોશન કરેલ છે. ધો. ૬ માં ભણતી, ભણવામાં પણ ખૂબજ તેજસ્વી એવી પ્રભા સોલંકીએ મેળવેલી આ સિદ્ધિ માટે શાળાના ટ્રસ્ટીઓ, મંત્રીશ્રી, આચાર્યશ્રી અને શિક્ષકગણે તેણીને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ અને ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવેલ.

સંસ્થાની પી. ટી. ઉષા એવી આ દીકરી પ્રભા સોલંકી ધો. ૧થી આ શાળામાં દાખલ થયેલ, ત્યારે મુંબઈમાં નેશનલ ગેઈમમાં પહેલીવાર દોડની હરિફાઈમાં ભાગ લીધો. તે પછી અમદાવાદ, રાજકોટ, મુંબઈ, જયપુર જેવાં અનેક સ્થળે સ્ટેટ લેવલે અને નેશનલ લેવલે તે કયારેય હારી નથી. આજ સુધી લગભગ તેને ગોલ્ડન, સિલ્વર અને બ્રોન્ઝ મળીને કુલ **૪૪** મેડલો મળી ચૂકયાં છે. અભણ ખેડૂત પરિવારની આ દીકરીને ખૂબ-ખૂબ અભિનંદન.

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . ૦૪
- અખિલ ગુજરાત બધિર શાળા સંચાલક મંડળનું ચોથું અધિવેશન. . ૦૫
- શ્રવણમંદોનું ફોટોગ્રાફી પ્રદર્શન . . . ૦૫
- શ્રવણમંદોનો શુભેચ્છા સમારંભ . . . ૦૫
- 'ભારત સેવક સમાજ'ની મુલાકાત . ૦૬
- 'વિશ્વ મહિલા દિન'ની ઉજવણી . . ૦૬
- ડૉ. કમલેશકુમાર પાંડેના હસ્તે ત્રિ-દિવસીય વર્કશોપનું ઉદ્‌ઘાટન . . ૦૭
- ભારત-અમેરિકાની સેવાભાવના. . . ૦૮
- લાઈબ્રેરી કોર્નર . . . . . . . . . . . . ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-અંધશાળા . . . . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-PNR હોસ્પિટલ . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-PRV . . . . . . ૧૧
- અન્ય સંસ્થા સમાચાર-સુરત . . . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૪
- વાચકો લખે છે . . . . . . . . . . . ૧૪
- અન્ય સંસ્થા સમાચાર-સોલા . . . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-KLID-TTC . . . ૧૮
- ગુજરાતની હાઈટેક શાળા-બોરુ . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૧


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## સ્માર્ટ એજ્યુકેશન ઓન ધ મુવ

આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં, જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહયો છે. કોમ્પ્યુટરનું જ્ઞાન ન ધરાવનાર અજ્ઞાન ગણાય રહયો છે ત્યારે, વિદ્યાર્થીઓને પણ શરુઆતથી જ આ પ્રકારનું શિક્ષણ મળે તે જરૂરી છે. ગુજરાતમાં ખાનગી ક્ષેત્રમાં આ શિક્ષણ ઘણાં સમયથી શરુ થયું છે.

ગુજરાત સરકારે પણ ચાલું વર્ષના બજેટમાં, ૧૨૦૦ જેટલી સરકારી શાળાઓમાં, **આધુનિક ટેક્નોલોજીથી શિક્ષણ** આપવા માટે, ધો.૭ અને ધો. ૮ ના વર્ગખંડોમાં પ્રોજેક્ટર, લેપટોપ, ઈન્ફ્રારેડ કેમેરા અને ઈ-કન્ટેન્ટથી ઈન્ટરએકિટવ બનાવવાનું આયોજન કર્યું છે, જે ખૂબજ આવકાર્ય છે.

તાજેતરમાં પી.એન.આર. સોસાયટી દ્વારા, ગુજરાતમાં **ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી ટ્રેનિંગ** ના ક્ષેત્રમાં ઉત્તમ પ્રયોગો કરનાર, **ઓપન એજ્યુકેશન રીસોર્સ**ના સર્જક શિક્ષકો અને આચાર્યશ્રીઓનું સન્માન અને એક દિવસીય ICT ટ્રેનિંગનું સફળ આયોજન, વિકલાંગોની વિવિધ સંસ્થાઓના શિક્ષકો માટે કરવામાં આવેલ.

આપણી કે. એલ. બહેરાં-મૂંગા શાળામાં ગત વર્ષથી, ધો.૧૧માં સંપૂર્ણ ડિઝિટલ વર્ગ, સ્માર્ટ બોર્ડ અને ઓડિયો વિઝયુલ સેટઅપ સાથે, દરેક વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપી શરુ કરવામાં આવેલ છે અને આ વર્ષે નવી ટર્મથી, ધો. ૯ અને ધો.૧૨ માં સંપૂર્ણ ડિઝિટલ વર્ગ શરુ કરવા જઈ રહયાં છે, જેને માટેનું દાન પણ આવી ગયું છે. તો આ રીતે, વિકલાંગ વિદ્યાર્થીઓ સમયના બદલાતા પ્રવાહમાં ડિઝિટલ યુગમાં પ્રવેશી રહયાં છે, જે ખૂબ જ આવકાર્ય અને જરૂરી છે.

✍ **કિરીટ રાઠોડ**

The only disability in life is a bad attitude.


**- Scott Hamilton**


- **Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૫૨**
**૧૫ એપ્રિલ - ૨૦૧૭**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
૨૪૩૧૧૬૦
**E-mail** : info@pnrsociety.org
klinstitute.deaf@gmail.com
**Visit us** : www.pnrsociety.org
www.klinstitutedeaf.org
- તંત્રી
**અનંત કે. શાહ**
- સહતંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
**અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
**આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
**રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
**લીલા ચૌહાણ**
**વૈશાલી યોગી**
**શશીકાંત વડિયા**
**આરિફ જેઠવા**
**નીતા રૈયા**
**હિના મહેતા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ **K. D. PADIA**

## ➢ The Fourth Quarterly Conference of Akhil Gujarat Badhir Shala Sanchalak Mandal

The K. L. Institute for the Deaf of Bhavnagar (KLID) played host to the fourth quarterly conference of Akhil Gujarat Badhir Shala Sanchalak Mandal on 30th March 2017. The conference was attended by 74 representatives. The formal welcome address by Shri Ashwin Pandya, Vice President of the Mandal and Secretary of KLID Trust, was followed by key-note address by Shri J. C. Patel, President of the Mandal and Shri Anantbhai Shah (Shri Bababhai), Founder Trustee of KLID and Secretary, PNR Society, Bhavnagar. The conference discussed upliftment of primary, secondary and higher secondary education of hearing-impaired and recommendations were finalised.

## ➢ HI Students' Photographhy Exhibition

A Three-Day (25 Feb to 27 Feb 2017) exhibition was organised of photographs taken by the students of the KLID. These HI Student–photographers were trained by a well-known photographer Shri Ajaysinh Jadeja of Bhavnagar and had guidance from Shri Kirtidevsinh Gohil, Special Educator of the KLID. The exhibition was inaugurated by wellknown painting veteran Shri Bharatbhai Pandya who in his address encouraged and blessed the initiative. The Valedictory Session was graced by the Mayor of Bhavnagar Municipal Corporation Smt. Nimuben Bambhaniya and other dignitaries.

## ➢ PRV Excels

A total number of 370 Divyangs and others were benefitted in camps organised by PRV Workshop of the K. L. Institute for the Deaf one each at Jalandhar, Ludhiyana, Poona, Kolkata, Thiruvananthpuram and Mumbai. The aids and appliances included artificial limbs, tricycles, calipers, knee-braces, etc.

## ➢ C. P. School Takes a Great Leap Forward

The 28th Feb. 2017 witnessed **'Awareness for Inclusive Education'** when Principals of schools of Bhavnagar Municipal Corporation gottogether. The C. P. School also organised two RCI recognized CRE (Continuous Rehabilitation Education) programmes one each on 1st to 3rd March 2017 and 21st & 22nd March, 2017 with topics **Assessment and Diagnosis of Autisum Project** and on **Holistic Management of person with multiple disability** respectively.

## ➢ U.S.A. – Based Doctors' Camps

GI specialist Dr. Motilal Bhatia and Pulmologist Dr. Ajitbhai Parekh of USA volunteered their free consultancy in the camps organised one each at PNR Hospital and Om Shri Ram Mantra Medical Center on 3rd Feb. 2017.

GI specialist conducted Endoscopy and Pulmologist conducted necessary pulmonary tests. A total number of 150 patients of Bhavnagar district were benefitted.

## ➢ Other Activities

Activities of prevention programmes, PNR Hospital, Ankur School, K. K. School and Home for the Blind, Library Corner and other activities are carried in this issue.

## શ્રદ્ધાંજલિ — પ્રજ્ઞાચક્ષુ નિરંજનભાઈ પંડયાનું નિધન



સ્વ. નિરંજનભાઈ પંડયાએ નાની વયમાં દ્રષ્ટિ ગુમાવી, પરંતુ આ ક્ષતિ તો ચર્મચક્ષુની હતી, દિવ્યાચક્ષુનો તેમને સાથ મળ્યો અને તમામ સ્પર્ધા અને મુશ્કેલ સંજોગોનો સામનો કરી, પુના બ્લાઈન્ડ મેન્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી તરીકે સેવા આપી, પુના ખાતે, **એચ. વી. દેસાઇ આઇ હોસ્પિટલ**ની સ્થાપના કરી, નિરંજનભાઈએ દેશ-વિદેશમાં ભારત સરકાર વતી, અંધત્વ નિવારણના કાર્યોની સેવા કરી અને લોકચાહના મેળવી. તેઓના **આજીવન સેવાના કાર્યો**ની કદર કરી, ભારત સરકાર દ્વારા **પદ્મશ્રીનો એવોર્ડ** અપાયો હતો. તેઓશ્રી પી.એન.આર. સંસ્થાની અવાર-નવાર મુલાકાત લેતા અને વિદેશના અનુભવોથી અવગત કરાવતાં. તેઓના દુ:ખદ અવસાનથી પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓએ ઉંડા દુ:ખ અને ઘેરા શોકની લાગણી અનુભવી છે.

# અખિલ ગુજરાત બધિર શાળા સંચાલક મંડળનું, 'ચોથું ત્રિમાસિક અધિવેશન'

સમગ્ર ગુજરાત રાજયની બધિર શાળાઓના સંચાલકોના મંડળની ચોથી ત્રિમાસિક મીટિંગ તા.૩૦-૩-૧૭ ને ગુરુવારે સવારે ૯ થી ૪ દરમ્યાન, ભાવનગરની શ્રી શાહ ખી.લ.બહેરાં મૂંગા શાળા ખાતે મળેલ હતી. જેમાં સમગ્ર ગુજરાતની, આ મંડળની ૧૯ સભ્ય સંસ્થાઓના, ૨૮ સંચાલકો અને ૪૬ આચાર્યો તથા શિક્ષકો સહિત કુલ ૭૪ જેટલાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયાં હતાં. સવારે ૯ થી ૧૦ મંડળની કારોબારી સમિતીની મીટિંગ થયેલ હતી, સંસ્થાવતી સ્વાગત, સંસ્થાના માનદ્‌મંત્રી અને મંડળના ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ હતું, મંડળના પ્રમુખ શ્રી ડૉ. જે.સી. પટેલ તથા શ્રી અનંતભાઈ કે. શાહ (શ્રી બાબાભાઈ) એ **કી-નોટ એડ્રેસ** કર્યું હતું અને મીટિંગની શરૂઆત થઈ હતી. આ મીટિંગમાં બધિર-દિવ્યાંગો માટેની પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ



સુવિધાઓ અને તેના અપલીફટમેન્ટ બાબતે, સંસ્થાકીય તેમજ ગુજરાત સરકારના સમાજ સુરક્ષા ખાતા, શિક્ષણ ખાતા સાથેની બાબતો ઉપર વિશદ ચર્ચા-વિચારણા કરી, નિર્ણયો લેવામાં આવ્યાં હતાં.

# શ્રવણમંદ બાળકોનું ફોટોગ્રાફી પ્રદર્શન



શ્રવણમંદ બાળકોની હુન્નર અને કલા કૌશલ્યની અભિવ્યકિત એટલે ફોટોગ્રાફી. શ્રી શાહ ખી.લ.બહેરાં બાળકોની શાળામાં, તા.૨૫-૨ થી તા.૨૭-૨ ત્રણ દિવસ **ફોટો પ્રદર્શન** યોજાયેલ. આ બાળકોએ એક વર્ષ સુધી, ભાવનગરના જાણીતા ફોટોગ્રાફર શ્રી અજયસિંહ જાડેજાની રાહબરી હેઠળ, આ કલાની તાલીમ મેળવેલ. શાળાના શિક્ષક શ્રી કીર્તિદેવસિંહ ગોહિલે જરૂરી માર્ગદર્શન પૂરું પાડેલ. ફોટોગ્રાફી પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમારંભમાં જાણીતા ચિત્રકાર શ્રી ભરતભાઈ પંડયાએ પ્રેરક ઉદ્‌બોધન કરેલ. સમાપન સમારંભમાં શહેરના મેયર શ્રી નિમુબેન બાંભણિયા, તેમજ શ્રી અમુલભાઈ પરમાર, શ્રી ગૌરવભાઈ શેઠ, સંસ્થાના સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી રાજેશભાઈ હકાણી, શ્રી મીતાબેન ઓઝાએ બાળકોને બિરદાવેલ. શાળાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ બાળકોના આ હુન્નરને પ્રોત્સાહિત કરી આગળ વધવા સૂચન કરેલ.

# ધો.૧૦ અને ૧૨ કોર્મસના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ

તા.૧-૩ ના રોજ, શ્રી મહાવીર ઓડિટોરીયમાં શાળાના બોર્ડના વિદ્યાર્થીઓનો **શુભેચ્છા સમારંભ** યોજાયેલ. જેમાં આચાર્યશ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી તેમજ શ્રી ઈલાબેન મજમુદારે બાળકોને પરીક્ષા, તેમજ ઉચ્ચ કારકીર્દિ માટે શુભેચ્છા પાઠવેલ. શ્રી મફતભાઈએ ધો. ૧૨ના બધાં વિદ્યાર્થીઓને રૂા. ૧૦૦/- ની શુભેચ્છા ભેટ આપેલ. તેમજ **'જીવનમાં ખૂબ સફળ થાઓ'** ના આશીર્વાદ સાથે શુભકામના પાઠવેલ. શાળાના શિક્ષકો, ગૃહમાતાએ આ બાળકો સાથેના સંસ્મરણો વાગોળેલ. બાળકોએ પણ તેમના પ્રતિભાવ વ્યકત કરેલ. શેઠ બ્રધર્સના શ્રી કમલેશભાઈ શેઠે, ધો. ૧૨ ના બાળકોને **ફોલ્ડર ફાઈલ**, તેમજ ધો. ૧૦ના બાળકોને **ટ્રાન્સપરન્ટ પેડ**, તેમજ પેનની ભેટ આપેલ છે.



## 'ભારત સેવક સમાજના હોદ્દેદારો સંસ્થાની મુલાકાતે'



ભારત સેવક સમાજ, સુરેન્દ્રનગરના ટ્રસ્ટીગણ, હોદ્દેદારો સર્વ શ્રી ભૂપેન્દ્રભાઈ દવે (પૂર્વ નાયબ માહિતી નિયામક), શ્રી ખેતશીભાઈ પટેલ (પૂર્વ પ્રમુખ, જિલ્લા પંચાયત સુરેન્દ્રનગર), શ્રી સુરેશભાઈ ઓઝા (ચીફ એન્જીનિયર, પી.જી.વી.સી.એલ.) શ્રી સુનિલભાઈ મહેતા, શ્રી ખીમજીભાઈ, શ્રી જે.સી. રાવળ, શ્રી સી.એમ. વ્યાસ (પૂર્વ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી), વગેરેએ તા. ૨૦ માર્ચ ૨૦૧૭ ના રોજ આપણી સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત લીધેલ હતી. શ્રી કિરીટભાઈ રાઠોડ સહમંત્રીની સંગાથે, મહેમાનશ્રીઓએ કાર્યરત પી.એન.આર. હોસ્પિટલ, ફિઝીયોથેરાપી વિભાગ, પી.આર.વાઘર આર્ટિફીશયલ લિમ્બ સેન્ટર, બહેરાં મૂંગા બાળકોની શાળા, નટરાજ સી.પી. સ્કૂલ, નટરાજ કોલેજ, પ્રિવેન્શન વિભાગ તેમજ 'અંકુર' સંસ્થાની મુલાકાત લીધેલ અને વિકલાંગતા અને સમાજ સેવાની આપણી પ્રવૃત્તિ વિષે વિસ્તૃત જાણકારી મેળવી હતી. કાર્યકરો તેમજ લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કરેલ હતો. કોન્ફરન્સ રૂમમાં ઉભય સંસ્થાના મહાનુભાવોની, શ્રી બાબાભાઈની ઉપસ્થિતિમાં મળેલ મિટીંગમાં, 'સમાજ સેવી સંસ્થાઓની વર્તમાન સમયની સમસ્યાઓ અને મૂલ્યનિષ્ઠ ટ્રસ્ટીઓની કમી તથા સરકારશ્રીની ગ્રાન્ટમાં કાપ મૂકાતા, આયોજન ખર્ચમાં કાપ તથા નવતર રસ્તાઓ યોજવા અંગે', ચર્ચા થઈ હતી.

પધારેલ મહાનુભાવોએ પી.એન.આર. સોસાયટીની કાર્યશૈલીની પ્રસંશા કરી, પરસ્પર સહયોગની શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

## 'વિશ્વ મહિલા દિન' ની ઉજવણી

પી.એન.આર. સોસાયટી, ભાવનગર અંતર્ગત, **શ્રીમતી જ્યોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના** દ્વારા, નટરાજ કોલેજ ખાતે સિવાણ કલાસમાં ૨૦ બહેનો, તેમજ બ્યુટીપાર્લર કોર્સમાં પણ ૨૦ બહેનોને ત્રણ મહિનાનો કોર્સ કરાવવામાં આવે છે, જે વિકલાંગ બહેનો માટે **વિનામૂલ્યે** છે. તા.૮/૩/૧૭ ના રોજ **વિશ્વ મહિલા દિન** નિમિત્તે, બે સ્પર્ધાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ૨૫ વિકલાંગ બહેનોએ ભાગ લીધો હતો.

### નિબંધ સ્પર્ધા :-

નિબંધ સ્પર્ધાના વિષયો ૧) આજની નારી, ૨) મહિલા સશક્તિકરણ, ૩) આજના સમયમાં વિકલાંગ બહેનોની સ્થિતિ, રાખવામાં આવ્યાં હતાં. જેમાં કુલ ૨૦ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર મેળવનાર બહેનો ૧) શ્રી સંગીતાબેન અલ્પેશભાઈ સુતરીયા, ૨) શ્રી દયાબેન મનોજભાઈ કરકર, ૩) શ્રી કોમલબેન ભાસ્કરભાઈ જાની, આ ત્રણ બહેનોએ ઈનામ પ્રાપ્ત કર્યા હતાં.

### મહેંદી સ્પર્ધા :-

મહેંદી સ્પર્ધામાં કુલ ૨૦ બહેનોએ ભાગ લીધેલ. આ



સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર લાવનાર બહેનો ૧) શ્રી સમીમબેન સલીમભાઈ ચાવડા, ૨) શ્રી દયાબેન મનોજભાઈ કરકર, ૩) પ્રજ્ઞાબેન પ્રવિણભાઈ રાઠોડને, મહેમાનો દ્વારા ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. **વિશ્વ મહિલા દિવસ** નિમિત્તે રાખેલ કાર્યક્રમ સફળ બને તે માટે, પ્રો. કો-ઓર્ડિનેટર શ્રી નરેશભાઈ અજમેરા, કાઉન્સેલર શ્રી નમ્રતાબેન મકવાણા તથા M.S.W. ના પ્લેસમેન્ટમાં આવેલી વિદ્યાર્થીનીઓ શ્રી જાદવ મનિષા એસ., શ્રી બોરડ કાજલ જી. એ ખૂબ જ સારી રીતે આયોજન કર્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ડૉ. કમલેશકુમાર પાંડેના હસ્તે, ત્રિ-દિવસીય વર્કશોપનું ઉદ્‌ઘાટન

ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સેરિબ્રલ પાલ્સી સ્કૂલમાં, મગજનો લકવા ધરાવતાં બાળકોની અને વાલીઓની સમસ્યાઓનું સમાધાન કરવાના હેતુસર, તા.૧૦ એપ્રિલ ૨૦૧૭ ના રોજ, ત્રિ-દિવસીય **"ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર્સ"** વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમારંભના ઉદ્‌ઘાટન પ્રસંગે, માનનીય ડૉ. કમલેશકુમાર પાંડે (ચીફ કમિશ્નર ઓફ પર્સન વીથ ડિસેબિલિટિ, ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા, અને ચેરમન ઓફ રીહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી), શ્રીમતી આલોકા ગુહા (ફાઉન્ડર ચેરપર્સન ઓફ નેશનલ ટ્રસ્ટ), શ્રી રાજપાલ સાહેબ (ડેપ્યુટી કમિશ્નર ઓફ ડિસેબિલિટિ, ગુજરાત રાજય), શ્રી જીતેન્દ્રભાઈ મકવાણા (જિ.સ.સુ. અધિકારી, ભાવનગર), શ્રી કનકસિંહ ઝાલા (જિ.સ.સુ. અધિકારી, રાજકોટ) **'સક્ષમ પ્રોજેક્ટ'** ના શ્રી પ્રફુલભાઈ શાહ (એડનવાલા), પ્રફુલભાઈ પટેલ, શ્રી રમણભાઈ પટેલ, (બનાસકાંઠા), વિદ્યા સાગર ચેન્નઈના ફેકલ્ટી ડૉ. સરલાબેન, ડૉ. સુજાતા, શ્રી ઉમાજી, સંસ્થાના પ્રમુખશ્રી શશીભાઈ વાધર, મંત્રીશ્રી અનંતભાઈ કે. શાહ , સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, આસી. ચીફ એકિઝ.શ્રી પારસભાઈ શાહ, શ્રી એચ.પી. રાખશિયા, ડૉ. ડી.જે. ધંધુકિયા, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મફતભાઈ, શ્રી મહાસુખભાઈ, વિવિધ વિકલાંગતા ધરાવતાં દિવ્યાંગો, તેઓના વાલીઓ, વિશિષ્ટ શિક્ષકો તથા કર્મચારીગણ ઉપસ્થિત રહેલ હતાં. વિકલાંગો દ્વારા ગવાયેલ પ્રભુ પ્રાર્થના બાદ, ડૉ. ડી.જે. ધંધુકિયાના શાબ્દિક સ્વાગત તથા સંસ્થાના મહાનુભાવો દ્વારા પધારેલા અતિથિઓને પુષ્પગુચ્છ અર્પણ કરી, મંચસ્થ કરાવ્યાં બાદ, દીપ પ્રાકટય દ્વારા, સમારંભનો મંગલ-પ્રારંભ કરવામાં આવેલ. દિવ્યાંગો દ્વારા પ્રસ્તુત કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ, સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ દ્વારા, PPT થી પી.એન.આર. સોસાયટીની એક ઝલક રજૂ કરવામાં આવી હતી અને વિશિષ્ટ વિદ્યાર્થીઓની સિધ્ધિના ઉમદા ઉદાહરણ - વેણુ, સુધાંશુ તથા હિતેષને સ્ટેજ પર ઉપસ્થિત કરી, તેઓના સંકલ્પ અને સફળતાને બિરદાવવામાં આવેલ હતાં. સમારંભના મુખ્ય અતિથિ વિશેષ ડૉ. કમલેશકુમાર પાંડેએ પોતાના **કી-નોટ એડ્રેસ** માં, પોતાના સંસ્થામાં આગમન અને નિરીક્ષણ બાદ, ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યાની પવિત્ર અનુભૂતિ અભિવ્યકત કરતાં જણાવેલ કે, આ વિકલાંગતાક્ષેત્રનું કાર્ય, પ્રોફેશનલ કરતાં મિશનરીનું વધારે છે. વોલન્ટિયર્સનું છે, જે અહીં થઈ રહયું છે તેની અપ્રતિમ પ્રેરણાદાયક નમૂનો આ સંસ્થા છે. માંડીને વાત કરતાં, પાષાણયુગથી આધુનિક ટેકનોલોજીના યુગમાં વિકલાંગતાનો પણ વિકાસ થતો રહયો તેવી વાત કરી. પ્રયોગશીલ NGO, સમાજ અને સરકારના ઉત્તર-દાયિત્વ તથા વિકલાંગોના કાયદાના સમયાંતરે થતાં સુધારાની વાતો કરી, ખામીઓમાં ખૂબી હોય એ સમજાવવા તેઓશ્રીએ ધૃતરાષ્ટ્ર, અષ્ટાવક્ર, ગુલાબરાવ મહારાજ વિ. ના ઉદાહરણ આપેલ અને સમાપનમાં સંસ્થાના કામ માટે સહકાર આપવા, પોતાના હૃદયના દ્વાર ખૂલ્લા મૂકી દીધેલ અને નિમંત્રણ બદલ આભાર પ્રકટ કરેલ હતો. શ્રી કનકસિંહ ઝાલાએ પોતાના ઉદ્‌બોધનમાં સંસ્થાના નિરીક્ષણ બાદ સ્વિકાર્યું કે, RCI અને ઓટિઝમ ઉપર અહીં ખૂબ કાર્ય થઈ રહયું છે, આ કાર્યમાં તજજ્ઞો કરતાં, **ઈમોશનલ સપોર્ટ** ની વધુ જરૂર હોય છે, જે અહીં છે એની વાત કરી. આ પ્રસંગે ડૉ. રિધ્ધિશ લાણીયાને **ઓટિઝમ ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન** બદલ, મુખ્ય અતિથિ શ્રી ડૉ.કમલેશકુમાર પાંડેના હસ્તે, સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા તથા આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ.

> **'જે લોકો વિકલાંગો માટે કામ કરે છે તે બધાં વિકલાંગ કમિશ્નર'**
> **- ડૉ. કમલેશકુમાર પાંડે**



# ભારત-અમેરિકાની સેવા-ભાવનાનો સંગમ



ભાવનગરની પી.એન.આર. હોસ્પિટલના કોન્ફરન્સ રૂમમાં તા.૩/ર/૧૭ ના રોજ, અમેરિકાથી સેવાર્થે પધારેલ ડૉ. અજીતભાઈ કે. પરિખ (ફેફસાના નિષ્ણાંત), ડૉ. મોતીલાલ ભાટીયા, એમ.ડી. (ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ), દાતાશ્રી સ્વ. લલિતાબેન પુનમચંદ શાહ (કલકત્તાવાળા) ના પ્રતિનિધિ શ્રી સુરેશભાઈ, ૐ શ્રી રામમંત્ર મંદિરના ટ્રસ્ટી શ્રી આર. પી. શાહ, ઉદ્યોગપતિ શ્રી માવજીભાઈ કોશિયા પરિવાર, સંસ્થાના મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ, શ્રી ઈલાબેન શાહ, શ્રી અનંતભાઈ એ. શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી મહાસુખભાઈ ઝકડિયા, અન્ય ખ્યાતનામ ડૉકટરો, મેડિકલ તથા પેરામેડિકલ સ્ટાફ ઉપસ્થિત રહેલ. સેવાર્થે આવેલ ડૉકટરોનું સન્માન, પુષ્પગુચ્છ અને સન્માનપત્ર અર્પણ કરી, કરવામાં આવ્યું હતું.

ફેફસા અને આંતરડાના રોગો માટે થયેલ કેમ્પમાં, ભાવનગર જિલ્લાના ૧૫૦ થી વધારે દર્દીઓએ લાભ લીધેલ. કેમ્પની સમીક્ષા કરતાં ઉભય પક્ષના ટ્રસ્ટીગણ, ડૉકટર્સએ વિષદ ચર્ચા કરી, જેમાં ડૉ. પરિખે, મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફના સહકાર અને કુશળતાના ભારોભાર વખાણ કર્યા. વ્યવસ્થા માટે સંતોષ વ્યકત કર્યો. અમેરિકામાં પ્રવર્તમાન **પેશન્ટસ પ્રાયવસી એકટ** ની નવી વાત કરી, જેમાંથી આપણે પ્રેરણા લેવાની છે. સેવાર્થે આવવામાં લોજીસ્ટીકસ, કોમ્યુનિકેશન, ફોટા, માહિતી, સમયગાળો અને ભાવનગરની એન.જી.ઓ. હોસ્પિટલના પ્રશ્નો સાથે, લાભાર્થિઓને માહિતી મળે અને ભાવનગર પહોંચી, ઉત્તમસેવા વિનામૂલ્યે મેળવે, તે અંગેની ચર્ચા થઈ. ડૉ. પરિખે, સામે ચાલીને, પોતાનો ખર્ચ કરીને સેવા માટે આવતાં તબીબોની વાત કરી, માનવતાને ચાર ચાંદ લગાવ્યા. શ્રી બાબાભાઈએ સેરિબ્રલ પાલ્સી અને મેન્ટલી રિટાર્ડેટ બાળ દર્દીઓ માટે પેડિયાટ્રિક ન્યુરોલોજીસ્ટ, ફિઝિયોથેરાપીસ્ટ અને અન્ય ડૉકટરો હવે પછીના કેમ્પ માટે ઉપલબ્ધ થાય, તેવી વિનંતી કરેલ. સંસ્થાના આસિ. ચિફ ઓફિઝકયુટિવ શ્રી પારસભાઈ શાહે સન્માન સમારોહનું સંચાલન કરેલ હતું.

લાઈબ્રેરી કોર્નર

# મનોદિવ્યાંગ બાળકોના સરકારી કર્મીઓને નોકરીમાં પસંદગીના સ્થળોએ નિયુકિત



સંકલન : ચેતનાબેન મુલાણી

તાજેતરમાં ગુજરાત રાજય સરકારે, **મનોદિવ્યાંગ બાળક** હોય તેવા **સરકારી કર્મીઓને**, આવા બાળકોની સારવાર-સંભાળ માટે, તબીબી સુવિધા અને શિક્ષણ ઉપલબ્ધ હોય તેવા પસંદગીના સ્થળે, નિયુકિત આપવાની માગણી પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવ્યો છે.

આવા બાળકોના તબીબી પ્રમાણપત્રના આધારે ચકાસીને, વહિવટી અનુકુળતા ધ્યાનમાં લઈ, સંબંધિત કર્મીઓને નિયુકિત આપવા, અગ્રતાના ધોરણે વિચારણા સરકાર દ્વારા થયેલ છે.

# સી. એસ. આર. માં ગુજરાત ત્રીજા ક્રમે

સી. એસ. આર. માં (કોર્પોરેટ સોસ્યલ રીસ્પોન્સીબિલિટી) માં ર૦૧૫-૧૬ દરમિયાન, ગુજરાત રાજય સંચાલિત કોર્પોરેટ કાું., તેમજ ગુજરાતની બીજી કંપનીઓ મળીને રૂા. ૬૬૬ કરોડ ફાળવાયાં, જેમાં રાજય દ્વારા સંચાલિત કોર્પોરેટ કંપનીઓનો ૧૫ ટકા હિસ્સો રહેલ કંપનીઓનો ૧૫ ટકા હિસ્સો રહેલ છે. સમગ્ર દેશની ૧૧૫૮ કોર્પોરેટ કાું. દ્વારા, રૂા. ૮૩૦૦ કરોડ સી.એસ.આર. માં અપાયાં છે. જેમાંથી કાું. દ્વારા રૂા. ૫૩૦૦ કરોડ શિક્ષણ, કુશળતા, વિકાસ અને આરોગ્ય સેવામાં અપાયેલ છે, જેને સરકાર દ્વારા અગ્રતાક્રમ આપેલ છે.

# રાજયની શ્રેષ્ઠ શાળા તરીકે શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાની પસંદગી

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા, જિલ્લા અને રાજય કક્ષાએ પ્રતિ વર્ષ, **શ્રેષ્ઠ શાળા**ની પસંદગી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭ માં નિષ્ણાંત અધિકારીઓની પસંદગી સમિતિ દ્વારા, સ્થળ અને ભૌતિક તપાસ, સાધનિક પુરાવાઓની ચકાસણી કરી, સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરની કચેરી દ્વારા, ભાવનગરની અગ્રણી **વિશિષ્ટ શાળા શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા**ની ૮૨.૮૩ ગુણાંક સાથે, રાજયની ૧૧ હજારથી વધુ સમધારણ શાળાઓમાંથી, **દ્વિતીય શ્રેષ્ઠ શાળા** તરીકે પસંદગી કરવામાં આવી છે. સંસ્થાને રાજયકક્ષાની દ્વિતીય શ્રેષ્ઠ શાળા તરીકે રૂા. ૩ લાખ અને **જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ શાળા** બદલ રૂા. ૧ લાખ મળીને, કુલ **રૂા. ૪ લાખના પુરસ્કાર**, સરકારશ્રી દ્વારા અર્પણ કરવામાં આવ્યાં છે. રાજયભરમાં વિશિષ્ટ બાળકોને શિક્ષણ આપતી આ **એકમાત્ર સંસ્થા** છે, જેને **આ પ્રકારનો પુરસ્કાર** મળેલ છે. આ અગાઉ પણ સંસ્થાને વર્ષ ૧૯૯૧માં **રાષ્ટ્રપતિ એવોર્ડથી** સન્માનિત કરવામાં આવેલ છે. શાળામાં શિક્ષણ સાથે સહાભ્યાસ પ્રવૃત્તિઓનું પણ નિયમિત રીતે આયોજન કરી, પ્રજ્ઞાચક્ષુ બાળકોનું ઘડતર તજજ્ઞ શિક્ષકો દ્વારા કરવામાં આવી રહયું છે. શાળામાં આધુનિક સાધનોના ઉપયોગ સાથે શિક્ષણ, સ્વચ્છ વર્ગખંડ, પ્રાકૃતિક વાતાવરણ, ભોજનાલય અને છાત્રાલયની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે.




આ અંગેની વિગત આપતાં સંસ્થાના સંચાલકશ્રી લાભુભાઈ સોનાણીએ જણાવ્યું હતું કે, “વર્ષ ૧૯૩૨માં આઝાદી પૂર્વે સ્થપાયેલ રાજયની **એકમાત્ર સંસ્થા** શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, છેલ્લાં ૧૮ વર્ષથી ધોરણ ૧૦ માં અને વર્ષ ૨૦૧૨થી શરૂ કરવામાં આવેલ ધોરણ ૧૨ના પ્રારંભિક વર્ષથી જ **૧૦૦% પરિણામ** હાંસલ કરતી આવી છે. શાળામાં પ્રતિ વર્ષ ૧૬૦ થી વધુ પ્રજ્ઞાચક્ષુ બાળકો શિક્ષણ મેળવે છે ત્યારે, ચાલુ વર્ષે ૧૬૨ બાળકો, વિનામૂલ્યે રહેવા-જમવાની વ્યવસ્થા સાથે શાળામાં અભ્યાસ પ્રાપ્ત કરી રહયાં છે. આમ સંસ્થા દ્વારા, પ્રજ્ઞાચક્ષુ વ્યકિતના પુનઃસ્થાપન અને સર્વાંગી વિકાસ માટે અવિરત રીતે કાર્યો કરી, ભાવેણાનું નામ રાષ્ટ્રિય સ્તરે પણ ચમકે, તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવશે.” સંસ્થાની આ બમણી સિધ્ધિ બદલ, તેમાં સહભાગી સૌ-કોઈ, આચાર્યશ્રી ઘનશ્યામભાઈ બારૈયા, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સમગ્ર ટ્રસ્ટીગણ, કર્મચારીઓ અને દાતાશ્રીઓનો આભાર વ્યકત કરી, અભિનંદન પાઠવ્યાં હતાં.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ


**જાન્યુ.૧૭ થી ફેબ્રુ.૧૭ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૭૧ | ૧૮ (૭ પોલિયો) | ડેન્ટલ | ૧૭૨ | ૧૦૪ |
| આંખ | ૬૫૯ | ૨૧૫ | જનરલ ઓપીડી | ૧૧૧૫ | - |
| છારી કાઢેલ | - | ૨૨ | હોમિયોપેથી | ૩૦૨ | - |
| ઈ.એન.ટી. | ૫૬૭ | ૨૫ | એક્ષ-રે | ૧૯૫૧ | - |
| ઓર્થોસ્કોપી | ૭૩ | ૧ | લેબોરેટરી | ૫૬૪ (દર્દી) | ૧૬૦૯ (ટેસ્ટ) |
| પ્લાસ્ટિક સર્જરી | ૧૪૪ | ૪૫ | ત્રાંસી આંખ | ૬૭ | ૧૬ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૩૧ | ૬ | ફેફસાનો કેમ્પ | ૭૭ | ૪૦ (પી.એફ.ટી. ટેસ્ટ) |



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન

### ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન - વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન :-




પી.એન.આર. સોસાયટી, ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના **કોમ્પ્રિહેન્સિવ ડીસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બીઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ** અંતર્ગત, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાનમાં રૂબેલા પ્રિવેન્શન પ્રોજેકટ, નીચે ફેબ્રુઆરી થી માર્ચ ૨૦૧૬ - ૧૭ દરમ્યાન પાલીતાણા, તળાજા, ગઢડા, વલભીપુર તાલુકાના તથા જાયન્ટ ગ્રૂપ ઓફ સિહોર, રેડક્રોસ ભાવનગર. વગેરેનો ખૂબ સહકાર મળ્યો હતો. ગામડાઓમાં **<u>૨૩</u>** સ્કૂલ તથા કોમ્યુનિટીમાં મળીને કુલ **<u>૨૯૫૫</u>** ને, રૂબેલાની **અવરનેસ** આપવામાં આવેલ છે. તેમાં **<u>૧૭૦૩</u>** ને રૂબેલા **રસીકરણ** કરવામાં આવેલ છે.

### ૨) ડેફનેસ-બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ :-



ફેબ્રુઆરી થી માર્ચ ૨૦૧૬-૧૭ માં ડેફનેસ- બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ અંતર્ગત, ગારિયાધાર, પાલિતાણા, બોટાદ, તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. વિકલાંગતા અટકાવ અભિયાન અંતર્ગત PNR સોસાયટી પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટે, શેઠ એમ.એન. હાઈસ્કૂલ, મહુવા દ્વારા, નેસવડ ગામે એન.એસ.એસ. કેમ્પનું આયોજન પ્રોગ્રામઓફિસર શ્રી ચીમનભાઈની આગેવાની નીચે કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક શાળાનાં બાળકો તથા ગામનાં લોકો માટે <u>૧૫૯</u> બે તાળાના ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું. આ મહિનામાં <u>૪૦૭૮૯</u> બાળકોની તપાસ થઈ, તેમાંથી <u>૭૬૩</u> બાળકોને **"રિફ્રેક્શન એરર"** હોય તેને, **વિનામૂલ્યે ચશ્મા વિતરણ** કરવામાં આવ્યું. આ ઉપરાંત, આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **'એ'** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, તેમજ કાનમાં રસી, પડદામાં કાણું, હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકો માટે, **બે** ઈ.એન.ટી.કેમ્પનું આયોજન, પાલીતાણા તથા શેત્રુંજીડેમ ખાતે કરવામાં આવ્યું. જેમાં <u>૨૪૯</u> બાળકો આવ્યાં હતાં. તેમાંથી <u>૨૭</u> બાળકોને, કાનના પડદામાં કાંણાના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં.

### ૩) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-



ફેબ્રુઆરી થી માર્ચ ૨૦૧૬-૧૭ બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **<u>૨૪૫</u>** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ <u>૨૭</u> બાળકોના **ફ્રી ઓપરેશન** કરી આપવામાં આવ્યાં છે. જેમાં **<u>૧૦</u> કપાયેલા હોઠના, <u>૭</u> તાળવામાં કાણાંના** <u>૩</u> હાઈપોસ્પીડીયા, તેમજ **<u>૪</u>** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. સાથે હેર રીમુવલ, સ્કાર,પીગમેન્ટેશન,ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહ્યાં છે. તેમજ **કોસ્મેટિક સેન્ટર**માં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે


નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### ૪) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-

ફેબ્રુઆરી થી માર્ચ ૨૦૧૬- ૧૭ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ બે મહિનામાં શ્રી સત્યસાંઈ સેવા સમિતી ભાવનગર, તેમજ નેસવડ પ્રાથમિક શાળા, મહુવા **નેત્ર નિદાન કેમ્પો**નું આયોજન કરવામાં આવ્યું જેમા **૩૪૫** ની ઓ.પી.ડી. કરવામાં આવી. ભાવનગર શહેરના સરદારનગર, લંબે હનુમાન મંદિર પ્રાથમિક શાળામાં, જરૂરિયાતમંદ લોકો માટે બેતાળા ચશ્માં




વિતરણનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં **૧૬૫** લાભાર્થીઓને **ચશ્મા વિતરણ** કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપા વગેરે વિતરણ કરેલ હતું. **૮૮** લાભાર્થીઓને **વિનામૂલ્યે લેન્સ** બેસાડી તથા **૫૯** લાભાર્થીને રાહત દરે **ફોલ્ડેબલ લેન્સ** બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૨૪** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.



## સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. કાજલબેન એમ. બોરડ



### શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર

સંસ્થાના પી.આર. વાઘર વિભાગ દ્વારા, શારીરિક વિકલાંગતા ધરાવતાં જરૂરિયાતમંદ લાભાર્થીઓને કૃત્રિમહાથ, કૃત્રિમપગ, ટ્રાયસીકલ, કેલીપર્સ જેવાં વિવિધ સાધનો ખૂબ જ રાહતદરે વિતરણ કરવામાં આવે છે. આ અંતર્ગત કેમ્પ પણ કરવામાં આવે છે. ફેબ્રુઆરી મહિનામાં કુલ **૬ ની-બ્રેસના કેમ્પ** કરવામાં આવેલ. જલંધર, લુધિયાણા, પૂના, કલકત્તા, ત્રિવેન્દ્રમ તથા મુંબઈ મુકામે યોજાયેલ. આ કેમ્પમાં કુલ મળીને ૩૭૦ લાભાર્થીઓને કુલ



**૭૦૦ ની-બ્રેસ** પૂરી પાડવામાં આવી. લોકલ લેવલે ફેબ્રુઆરી મહિનામાં કુલ ૫૫ લાભાર્થીઓને તપાસવામાં આવેલ અને વિવિધ સાધનો પૂરા પાડવામાં આવેલ. તા. ૨૭, ૨૮ ફેબ્રુઆરી તથા ૧ માર્ચ ત્રણ દિવસ વેરાવળ મુકામે કૃત્રિમહાથ, પગનો કેમ્પ કરવામાં આવેલ. જેમાં ૪૫ દર્દીઓને કૃત્રિમહાથ-પગ પૂરા પાડવામાં આવેલ. પી. આર. વી. વર્કશોપની આ સહાય, વધારેમાં વધારે લાભાર્થીઓ સુધી પહોંચે તેવા પ્રયત્ન આ વિભાગ કરી રહયું છે.

## અન્ય સંસ્થા સમાચાર

### અંધજન શિક્ષણ મંડળ, સુરત


**(૧)** અંધજન શાળામાં, તા.૭-૨-૨૦૧૭ ના રોજ મુખ્ય મહેમાનશ્રી યઝદીભાઈ કરંજિયા (પ્રસિધ્ધના નાટયવિદ્ અને વાણિજય શિક્ષણ નિષ્ણાંત) ના અધ્યક્ષ સ્થાને, એસ.એસ.સી. અને એચ.એસ.સી. ના વિદ્યાર્થીઓનો **શુભેચ્છા-વિદાય સમારંભ** યોજવામાં આવ્યો હતો. સંસ્થાના પ્રમુખશ્રી આનંદ ચોખાવાળાએ પ્રાસંગિક ઉદ્‌બોધન અને સ્વાગત પ્રવચન કરી, મુખ્ય મહેમાનનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં આભારવિધિ સંસ્થાના મંત્રીશ્રી શશીકાંતભાઈ જાદવે કરી હતી, જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ઉષાબેન ચૌધરીએ કર્યું હતું.

**(૨)** શાળામાં **નૂતન પ્રવૃત્તિ ખંડ, બાલમંદિર વિભાગ અને સંગીત વર્ગ નવ સંસ્કરણ** અંગેનો કાર્યક્રમ તા. ૨૨-૨-૨૦૧૭ ના રોજ પ્રાર્થના ખંડમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો આરંભ પ્રાર્થનાથી અને મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન-દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### વેળાવદર-લોથલ શૈક્ષણિક પ્રવાસ :-



તા.૧૮/૨/૧૭ ના રોજ ભાવનગરની પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર સંસ્થા અને વન વિભાગના સંયુકત પ્રયાસથી, નટરાજ સી.પી. સ્કૂલના ધો.૫ થી ૮ માં અભ્યાસ કરતાં ૩૫ વિદ્યાર્થીઓ તથા ૩ વિશિષ્ટ શિક્ષકો અને પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમનો **શૈક્ષણિક પ્રવાસ, વેળાવદર તથા લોથલ** મુકામે યોજાઈ ગયો. આ પ્રવાસ દ્વારા સેરેબ્રલ પાલ્સી ગ્રસ્ત વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકના જ્ઞાન ઉપરાંત, જીવંત રીતે કાળિયાર હરણ, પાનપટ્ટાઈ, ચાંડલ પક્ષી, સાપ, શિયાળ જેવા પ્રાણીઓને જોવાનો લાભ મળ્યો. તેમજ લોથલની મુલાકાત દરમ્યાન આ ગામનો પુરાતત્વ વિભાગનો પ્રાચીન ઈતિહાસ, નગર વ્યવસ્થા, લોક જીવનની માહિતી પ્રાપ્ત થયેલ. આ પ્રવાસમાં સી.પી. સ્કૂલના સંકલનકર્તા વિશિષ્ટ શિક્ષકો શ્રી ખેવનાબેન, શ્રી વરૂણભાઈ, તથા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના ડૉ. ભાવેશભાઈ ભરાડ, શ્રી હર્ષદભાઈ, શ્રી ગોપીબેન વિગેરેનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

### ત્રિદિવસીય સી.આર.ઈ. પ્રોગ્રામનું ઉદ્દઘાટન :-

પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ મગજના લકવાવાળા બાળકોની શાળાના કોન્ફરન્સ હોલમાં તા.૧/૩/૧૭ ના રોજ રીહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીના માર્ગદર્શન મુજબ વિશિષ્ટ શિક્ષકો માટે, **"કન્ટિન્યુઈંગ રીહેબિલિટેશન ટ્રેઈનિંગ"** ના ત્રિદિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું, જેનું ઉદ્દઘાટન સંસ્થાના સહ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ વિગેરે દ્વારા, દીપ



પ્રાકટયથી કરવામાં આવેલ હતું. સાથો-સાથ નેશનલ ટ્રસ્ટ દ્વારા **એસેસમેન્ટ એન્ડ ડાયાગ્નોસિસ ઓફ ઓટિઝમનો પ્રોજેકટ** બઢતે કદમ પ્રોજેકટ પણ શરૂ કરાયેલ. આ પ્રસંગે નટરાજ સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહે વિકલાંગતા પર કાર્ય કરતાં શિક્ષકોએ નવું જ્ઞાન મેળવી અપ-ડેટ થતાં રહેવા પર ભાર મૂકયો અને આપણી સંસ્થાના તથા વલસાડ, સેલ્વાસા, દમણ, સુરત વિગેરેથી આવેલ પાર્ટીસીપન્ટસને ભરપૂર લાભ લેવા અપીલ કરેલ હતી. કાર્યક્રમના અધ્યક્ષ સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે પધારેલ વિશિષ્ટ શિક્ષકોને આ તકનો લાભ લઈ દિવ્યાંગોની સેવા માટે વધુ સજ્જ થવા, પ્રેરક વકતવ્ય આપેલ હતું.

### "અવરનેસ ફોર ઈનકલુઝિવ એજયુકેશન" :-

નટરાજ કોલેજમાં તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ, **સંમિલિત શિક્ષણ**ની જાણકારી તથા અસરકારક અમલીકરણના હેતુસર, ભાવનગરની મહાનગરપાલિકાના આચાર્યશ્રીઓ સાથે, એક **"ગેટ ટુ ગેધર"** ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. દિવ્યાંગો દ્વારા ગવાયેલ પ્રભુ પ્રાર્થના, ઉપસ્થિત મહાનુભાવોના, સહ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના સ્વાગત બાદ, આ યોજના અંગે વિશિષ્ટ શિક્ષક શ્રી વિભૂતિબેન વ્યાસે, PPT ના માધ્યમથી વિસ્તૃત સમજણ આપી હતી. સંસ્થાના મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ), ડૉ. ડી. જે. ધંધુકિયા તથા ભાવનગરની નગર પ્રાથમિક શાળા શાસનાધિકારી શ્રી સનતભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેલ હતાં. વિશિષ્ટ બાળકો દ્વારા પ્રસ્તુત **રંગારંગ કાર્યક્રમ**નું સંચાલન શ્રી જીજ્ઞાબેન શાહના માર્ગદર્શનશ્રી રીનાબેન જાંબુચાએ કરેલ તથા આભારવિધિ શ્રી પારસભાઈ શાહે કરેલ હતી.

## ઓટિઝમ એસેસમેન્ટ એન્ડ અવેરનેસ કેમ્પ :-

તા.૨-૨-૧૭ ના રોજ, નટરાજ સી.પી. સ્કૂલમાં ખાસ ઓટિઝમ બાળકો માટે, **'ઓટિઝમ એસેસમેન્ટ એન્ડ અવેરનેસ કેમ્પ'** નું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. જગદીશ દેસાઈ અને ડૉ. રિધ્ધિ દેસાઈએ, બાળકોની વિવિધ તપાસ કરી તથા તેમના વાલીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડેલ. આ યોજનાથી વાલીઓના મુંજવતાં પ્રશ્નો તેમનો ઉકેલ મળ્યો અને ઓટિઝમ વિશે પૂરી સમજ તથા માર્ગદર્શન મળ્યું હતું.

## ICT ટ્રેનિંગ કાર્યક્રમ:-

તા.૧૨-૨-૧૭ ના રોજ એક દિવસીય ટ્રેનિંગ કાર્યક્રમ તથા ICT માં ગુજરાત કક્ષાએ ઉત્તમ પ્રયોગ કરનાર શિક્ષકો અને આચાર્યોનું સન્માન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેના અંતર્ગત આઠ અનુભવી શિક્ષકોએ **હાઈટેક સ્કૂલ** ઉપરાંત, આજના આધુનિક યુગમાં ટેકનોલોજી વડે આપણે ખુબ જ ઉત્તમ રીતે બાળકોને શિક્ષણ પૂરું પાડી શકીએ. તે વિષયક વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સી.પી. સ્કૂલના શિક્ષક શ્રી તૃપ્તિબેન મહેતા, શ્રી કાર્તિકભાઈ વ્યાસ, શ્રી રેશ્માબેન ભાવસાર તથા ઓકયુપેશનલ થેરાપિસ્ટ શ્રી અમિતભાઈ મિત્રા અને ફિઝીયોથેરાપિસ્ટ શ્રી કલ્પેશભાઈ દેસાઈએ ભાગ લીધો હતો.

## કલે વર્કશોપ :-

નટરાજ સી.પી. સ્કૂલમાં તા.૨૮-૨-૧૭ ના રોજ **કલે વર્કશોપ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી નીલેશભાઈ પટેલ તથા શ્રી આરવભાઈ બુચ દ્વારા, **કલેમાંથી વિવિધ શો-પીસ** બનાવતાં શીખવવામાં આવેલ. આ વર્કશોપમાં ૨૦ દિવ્યાંગ બાળકો, ૫ સામાન્ય શાળાના વિદ્યાર્થીઓ તથા ૧૦ વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ, શ્રી તૃપ્તિબેન મહેતાએ સફળતાપૂર્વક કરેલ.

## CRE પ્રોગ્રામ:-

નટરાજ સી.પી. સ્કૂલમાં, **'નેશનલ ઈન્સ્ટીટયુટ ફોર એમ્પાવરમેન્ટ ઓફ પર્સન વીથ મલ્ટીપલ ડીસેબિલિટિ'** (NEPMD), ચેન્નઈના સહયોગથી, તા.૨૧-૨૨ માર્ચના રોજ, **હોલોસ્ટિક મેનેજમેન્ટ ઓફ પર્સન વીથ મલ્ટીપલ ડીસેબિલિટિ** વિષય પર, RCI, ન્યૂ દિલ્હીની માન્યતા પ્રાપ્ત, તાલીમ (CRE) પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ, કાર્યક્રમની શરૂઆત ટ્રસ્ટીગણ અને મુખ્ય અતિથિ શ્રી જયેન્દ્રસિંહ ગોહિલ (HOD, પીડીયાટ્રિક વિભાગ, સર.ટી. હોસ્પિટલ), શ્રી ભગીરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી) તથા ડાઉન્સ સિન્ડ્રોમ વિદ્યાર્થીઓ દ્વારા દીપ પ્રાગટયથી કરવામાં આવી. આ કાર્યક્રમમાં



ગુજરાતના વિવિધ જિલ્લાના વિશિષ્ટ શિક્ષકોએ ભાગ લીધો. કાર્યક્રમમાં તજજ્ઞોની ટીમમાં ડૉ. રાધિકા મુખર્જી (ચાઈલ્ડ સાયકોલોજીસ્ટ), શ્રી કૃપાબેન વેલાણી (BPA), ડૉ. નલિનાબેન ગુપ્તા, શ્રી જિજ્ઞાબેન શાહ, શ્રી સંતોષભાઈ યાદવ, શ્રી નિતીનભાઈ સોલંકી, શ્રી જયેશભાઈ ધંધુકિયા દ્વારા, **બહુવિધ વિકલાંગતા** પર પ્રેઝન્ટેશન, વિડીયો કલીપ, તથા લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા ખુબજ વિસ્તારથી સમજાવી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ. તેમજ સમાપન સમારોહમાં ડેપ્યુટી કમિશ્નર શ્રી ઉપેન્દ્રસિંહ રાણા તથા ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ. સંસ્થાના સહમંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા સ્વાગત બાદ, તાલીમાર્થીઓને મહેમાનશ્રીઓના હસ્તે સર્ટીફિકેટ વિતરણ કરાયેલ. તાલીમાર્થીઓ વતી શ્રી વિભૂતિબેન વ્યાસ (સી.પી. સ્કૂલ) તથા શ્રી રાજેશભાઈ (વિશિષ્ટ શિક્ષક (પ્રજ્ઞાચક્ષુ) સુરેન્દ્રનગર) દ્વારા, સુંદર પ્રતિભાવ આપવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં શ્રી પારસભાઈ શાહે ઉપસ્થિત મહેમાનોનો આભાર વ્યકત કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ શ્રી રેશ્માબેન ભાવસારે કરેલ.

## ધૂળેટી પર્વની ઉજવણી :-

નટરાજ સી.પી. સ્કૂલમાં **ધૂળેટીની ભવ્ય ઉજવણી** કરવામાં આવી, જેમાં બાળકો અને શિક્ષકો મન મૂકીને કંકુ, ગુલાલ જેવાં રંગોથી રંગે રંગાયા. જેમાં આત્મિયતા, સમાનતાની લાગણીને સમન્વય જોવા મળ્યો હતો.





# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

## ''સફળતાનું રહસ્ય''

પી.એન.આર. સોસાયટી દ્વારા 'સફળતાનું રહસ્ય'' પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમાં જે **સક્સેસ સ્ટોરી**ઓ મુકવામાં આવી છે તે તમામ વિકલાંગ ભાઈ-બહેનોએ, પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં **કોમ્પ્યુટરની તાલીમ** મેળવી અને **સ્વનિર્ભર** થવામાં મેળવેલ સફળતાનું આલેખન કરવામાં આવ્યું છે. તે એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક ની સ્થાપના સન ૨૦૦૧ માં કરવામાં આવી છે. આજ દિન સુધીમાં કોમ્પ્યુટરના વિવિધ કોર્સમાં અંદાજે **૨૪૦૦** જેટલાં વિકલાંગ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવી, તાલીમ પૂર્ણ કરી છે. તેમાંથી પસંદગીયુકત **૧૦૦** તાલીમાર્થીઓની સકસેસ સ્ટોરી પ્રકાશિત કરવામાં આવી છે.

આ નિઃશુલ્ક પુસ્તિકા, નિરાશા અને લાચારી અનુભવતા વિકલાંગ ભાઈ-બહેનો માટે અમૂલ્ય છે. તેમાં પ્રકાશિત કરવામાં આવેલ સકસેસ સ્ટોરીઓ, દરેક વિકલાંગ ભાઈ-બહેનો માટે **માર્ગદર્શક** અને **પ્રેરણારુપ** બની રહે એવી છે.

પી.એન.આર. સોસાયટીના એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના વિભાગમાં, કોમ્પ્યુટર બેઝિક, ઈન્ટરનેટ, ફોટોશોપ, ડી.ટી.પી., એકાઉન્ટીંગ, ઓટોકેડ, હાર્ડવેર-નેટવર્કિંગ, મોબાઈલ રીપેરિંગ, એચ.ટી.એમ.એલ., પી.એચ.પી. જેવા કોર્સ ઉપલબ્ધ છે. બહારગામથી આવતાં તાલીમાર્થીઓ માટે **હોસ્ટેલની સુવિધા** પણ ઉપલબ્ધ છે.

એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, કોમ્પ્યુટર કોર્સની સાથે અપાતી વિવિધ તાલીમ અને વિભાગની સુવિધાઓ વિષેની માહિતી પણ આપવામાં આવી છે. પુસ્તિકાના તમામ




પેઈજ આર્ટ પેપર પર, મલ્ટીકલરમાં પ્રિન્ટ કરવામાં આવ્યા છે. પુસ્તિકામાં કુલ ૩૦૦ જેટલા આકર્ષક ફોટોગ્રાફ્સ મુકવામાં આવ્યાં છે.

**પુસ્તિકાની માહિતી :** (૧) સંકલ્પના : શ્રી અનંત કે. શાહ (૨) સંપાદન-સંકલન : શ્રી કૌશિકભાઈ પરમાર (૩) અંગ્રેજી રુપાંતર : શ્રી કે.ડી.પડિયા (૪) પ્રુફ રીડિંગ : શ્રી કિરીટભાઈ રાઠોડ (૫) ડિઝાઈનિંગ અને આર્ટવર્ક : શ્રી કૌશિકભાઈ પરમાર, શ્રી રાજેશભાઈ પટેલ (૬) ટાઈપિંગ : શ્રી જીજ્ઞાબેન તળાજીયા, શ્રી હિતેષભાઈ ઓઝા (૭) ટેકનીકલ સહયોગ : શ્રી સુકેતુ શાહ (૭) પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર ૨૦૦૯ અને દ્વિતીય આવૃત્તિ : ડિસેમ્બર ૨૦૧૬

પી.એન.આર. સોસાયટીના દાતાઓ, શુભેચ્છકો, કાર્યકરો, તેમજ વિકલાંગ ભાઈ-બહેનો તથા સામાજિક સંસ્થાઓ info@pnrsociety.org ઉપર ઈ-મેઈલ કરી આ પુસ્તિકા મેળવી શકશે.

### વાંચકો લખે છે

'શારીરિક ખોડ ખાંપણ સાથે જીવીને પણ, આત્મવિશ્વાસ દ્વારા અગ્રેસર થનાર દિવ્યાંગોની **"સફળતાનું રહસ્ય"** પુસ્તક માટે' આભાર માનતા શ્રી ધીરજલાલ મણિયાર, (પ્રમુખશ્રી, શ્રી ધ્રાંગધ્રા વાંચક પરિવાર, ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.) જણાવે છે કે "તેઓશ્રીને પુસ્તિકા જોઈને આનંદ થયો છે અને સમાજશાસ્ત્રના અભ્યાસુ હોઈને પુસ્તકમાંની સામગ્રીથી પ્રસન્ન થઈને પ્રકાશન બદલ હાર્દિક અભિનંદન આપે છે."

### અન્ય સંસ્થા સમાચાર

**શ્રી કે.એસ. દેઢિયા મૂક બધિર શાળા-સોલા**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આયોજિત **૨૦મો દિવ્યાંગનગર રમોત્સવ** માં, શ્રી કે.એસ.દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર, સોલાના મૂક-બધિરોએ ભાગ લીધેલ, જેમાં લકુમ અલ્પેશ સી. **ગોળા ફેંકમાં પ્રથમ**, મારુ માનસી ડી. **૫૦ મીટર દોડમાં પ્રથમ**, વાતુકીયા લક્ષ્મિ ડી. **૭૦ મિટર દોડમાં પ્રથમ** અને મારુ માનસી ડી. **બેજ બોલમાં પ્રથમ** નંબરે વિજેતા થઈ સંસ્થાનું ગૌરવ વધારેલ છે. બાળકોને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.



# સંક્ષિપ્ત સમાચાર

લીલા ચૌહાણ
અને વૈશાલી યોગી




## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### પતંગોત્સવ :-




રાજયનો ખાસ **દિવ્યાંગો માટેનો પતંગોત્સવ** માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની વિશેષ ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે, **પ્રયાસ સંસ્થા** દ્વારા યોજાયો હતો. જેમાં શાળાના ૫૦ શ્રવણમંદ બાળકો અને ૪ શિક્ષકોએ ભાગ લીધેલ. ભાવનગરની ડી.એસ.પી. કચેરી દ્વારા, **સુરક્ષા સેતુ** અંતર્ગત જવા-આવવાની, બસની તથા નાસ્તા-ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ. કાર્યક્રમ બાદ બાળકોએ રાજકોટના પ્રધ્યુમન પાર્ક, આજી ડેમ તથા પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી હતી.

### માતૃભાષા દિવસની અનોખી ઉજવણી...:-



તા.૨૧ ફેબ્રુઆરી એટલે **માતૃભાષા દિવસ**. આ દિવસની અનોખી ઉજવણી શાળામાં કરવામાં આવી. સંસ્થાના કર્મચારીઓ, શિક્ષકોએ, સંસ્થાના મોભી શ્રી મફતકાકાએ યોજેલી, એક નાનકડી **લેખિત પરીક્ષા** આપી. જેમાં આપણાં રોજિંદા વ્યવહારમાં માતૃભાષાની સાથે અન્ય ભાષા કેટલી હદ સુધી મિશ્ર થાય છે, તેની પ્રતીતિ થઈ. સૌએ હોંશભેર આ પરીક્ષા આપી. જેમાં પ્રથમ નંબર શ્રી ભરતભાઈ સોલંકી, દ્વિતીય નંબરે શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા અને તૃતીય નંબરે શ્રી દયાબેન વંકાણી આવ્યાં. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પણ બધાને પ્રોત્સાહિત કરવા પરીક્ષામાં ભાગ લીધેલ. અંતમાં શ્રી મફતકાકા તરફથી દરેક સ્પર્ધકને અભિનંદનની લહાણી થઈ. આ દિવસની ઊજવણીને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી, શ્રી ઈલાબેન મજમુદાર, શ્રી ચેતનાબેન મુલાણી, મદદનીશ શિક્ષક શ્રી લીલાબેન ચૌહાણ તથા શ્રી સેજલબેન મહેતાએ જહેમત ઊઠાવેલ.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે સંસ્થાના શિક્ષકોનું સન્માન :-



૮ મી માર્ચ એટલે **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**. જાગૃતિ એજયુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ભાવનગરના ઉપક્રમે, યશવંતરાય નાટયગૃહમાં આયોજિત સમારંભમાં, સંસ્થાના વરિષ્ઠ શિક્ષકો શ્રી કૈરવીબેન શાહ, શ્રી લીલાબેન ચૌહાણ, શ્રી દક્ષાબેન સવજીયાણી, શ્રી બીનાબેન ગાંધી, શ્રી પ્રીતિબેન જોશી અને શ્રી કવિતાબેન શાહને **'નારી રત્ન એવોર્ડ'** થી સન્માનિત કરવામાં આવ્યાં. સંસ્થા પરિવાર તેમને અભિનંદન પાઠવે છે. આ કાર્યક્રમમાં જુદી-જુદી સંસ્થાઓની સાંસ્કૃતિક કૃતિઓ રજૂ થયેલ. જેમાં આપણી સંસ્થાની બે કૃતિ **'તરાના નૃત્ય'** અને **'ક્રિષ્નલીલા'** ની પ્રસ્તુતિને, અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ.

### સાયલો ઓલિમ્પિયાડ :-

બોમ્બે રાઉન્ડ ટેબલ દ્વારા, **સાયલો ઓલિમ્પિયાડ** મુંબઈ ખાતે



યોજાયેલ. સમગ્ર ભારતમાંથી ૧૨ રાજયોની ટીમે ભાગ લીધેલ. જેમાં આપણી શાળાના ૧૨ વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધેલ. શાળાના બાળકોએ **૫ ગોલ્ડ મેડલ** પ્રાપ્ત કરેલ. શાળાની વિદ્યાર્થીની **પ્રભા સોલંકી**એ ૪૦૦ મીટર દોડમાં **પ્રથમ નંબર** લઈ **ગોલ્ડ મેડલ** મેળવેલ. તેમજ **રીલે દોડ**માં પણ તેણે **ગોલ્ડ મેડલ** પ્રાપ્ત કરેલ છે, કવાડ જાનવિકાએ ૪ x ૧૦૦ રીલે દોડમાં **પ્રથમ નંબર** મેળવી **ગોલ્ડ મેડલ** મેળવેલ તેમજ કોમલ ડાંગર, કાર મનીષાએ પણ રીલે દોડમાં **ગોલ્ડ મેડલ** પ્રાપ્ત કરેલ છે. સમગ્ર રમતનું માર્ગદર્શન શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈએ આપેલ.

## નિરામયા હેલ્થ પોલિસીમાં દિવ્યાંગોના વાલીઓને મળેલ લાભ

**પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી. પી. સ્કૂલ દ્વારા સી.પી. બાળકોના સ્વાસ્થ્ય માટે નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા ચાલતાં, 'નિરામયા હેલ્થ પોલિસી' નું રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. જેમાં સી.પી. સ્કૂલ, સી.પી. સેન્ટર તથા અન્ય લાભાર્થીઓએ રૂા. ૨૫૦ (બી.પી.એલ.) અને રૂા. ૫૦૦ (જનરલ કેટેગરી) ભરીને આ પોલિસીનો લાભ લીધો છે. જેમાં લાભાર્થીઓને ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન મળેલ કલેમની રકમની યાદી નીચે મુજબ છે. આ યોજનાનું માર્ગદર્શન શ્રી જીજ્ઞાબેન શાહ દ્વારા આપવામાં આવે છે અને આ કામગીરી શ્રી અમિતભાઈ મિત્રા અને શ્રી હિતેશભાઈ ઓઝા દ્વારા વાલીઓને માહિતી પુરી પાડવામાં આવે છે. બાકી રહેલા વાલીઓને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. આ પોલિસીમાં દર વર્ષે વધુમાં વધુ રૂા. એક લાખ સુધીની રકમ મળે છે.**

**પરજય કે. જોગદિયા-૮૦૦, મહેક આર. પઠાણ-૮૦૦, રોનક આર. બાંભણિયા-૧૮૦૨, દ્રષ્ટિ પી. મહેતા-૨૫૫૪, ધ્રુવિન જે. મકવાણા-૧૧૦૦, પાર્થ એન. ચુડાસમા-૫૩૮૭, ક્રિષ્નાબા બી. ગોહિલ-૧૬૨૬૦, હિતેશ એમ. ઓઝા-૬૫૪, આર્યન કે. પડીયા-૧૮૦૦+૨૪૦૦. કુલ રૂા. ૩૩૫૫૭/-**

### ICT કાર્યક્રમ :-

તા.૧૨-૨-૧૭ના રોજ વિશિષ્ટ બાળકોના શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવાની પૂર્વભૂમિકારૂપે, PNR સોસાયટી દ્વારા એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ. આ સેમિનારમાં ICT અંતર્ગત કામ કરતાં આઠ શિક્ષકોએ જાતે ડેવલપ કરેલાં **એજયુકેશનલ સોફ્ટવેર** વિશે માહિતી આપેલ હતી. આપણી સંસ્થાના શિક્ષકો કલાસરૂમમાં સરળતાથી ટેકનોલોજીનો ઉપયોગ કરી, બાળકોને શિક્ષણ આપી શકે તે હેતુથી દરેક સંસ્થામાંથી પ્રતિનિધીરૂપે શિક્ષકોએ ભાગ લીધેલ અને મહત્વની માહિતી મેળવેલ.

### કૃષ્ણલીલા ટીમ "Keep it up" :-

તા.૨૭-૨-૧૭ ના રોજ **'સંસ્કૃતિ કુંજ'** અંતર્ગત, **વસંતોત્સવ કાર્યક્રમ**ના ઉદ્‌ઘાટન સમારંભમાં આપણી શાળાના બાળકોની **'કૃષ્ણલીલા'** કૃતિ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાનસભાના અધ્યક્ષશ્રી રમણલાલ વોરા તથા અન્ય મંત્રીશ્રીઓ પણ ઉપસ્થિત રહયાં હતાં. હાજર રહેલ સર્વોએ આ કૃતિને બિરદાવી હતી અને સરકાર દ્વારા **રૂા. ૫૦,૦૦૦/- નો ચેક** અર્પણ કરવામાં આવેલ. સંસ્થા પરિવારે, કૃષ્ણલીલાની ટીમને અભિનંદન આપેલ છે. ઉપરાંત **'ત્રીજો ચોટિલા મહોત્સવ'** તા.૨૨-૨-૨૦૧૭ ના રોજ પણ આ કૃતિ રજૂ કરવામાં આવી હતી. યુવા મંત્રાલય દ્વારા, આપણી સંસ્થાને રૂા. ૨૫,૦૦૦/- નો ચેક આપવામાં આવેલ, તેમજ કૃષ્ણલીલા ટીમને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

### પેપર પ્રેઝન્ટેશન :-




NSED અને અજય લીલા સ્પે. ટ્રેનિંગ કોલેજ જોધપુર દ્વારા તા.૨૧-૨-૧૭ થી ૨૩-૨-૧૭ ૩ દિવસ **એન્યુઅલ નેશનલ કોન્ફરન્સ**માં શાળાના શિક્ષક અને બધિર બાળા ફોરમના માતુશ્રી પ્રજ્ઞાબેન પંડયાએ એકસેસબલ ઈન્ડિયા એન્ડ ડિજિટલ ઈન્ડિયા ઓન CWHI સબ થીમ પર, હિન્દીમાં પેપર પ્રેઝન્ટ કરેલ. જે એક માહિતી પેપર તરીકે સરાહનીય રહયું હતું. આ કોન્ફરન્સમાં દેશભારમાંથી નિષ્ણાંતો આવેલ. NSED એન્યુઅલ નેશનલ કોન્ફરન્સ ૨૦૧૭ ઈન્ડિયા

રાજસ્થાન ચેપ્ટર અને અજય લીલા સ્પેશિયલ ટીચર ટ્રેનિંગ કોલેજ, જોધપુર "SOUVENIR" માં શ્રી પ્રજ્ઞાબેનનો, ઉપરના વિષયનો **એબ્સ્ટ્રેક** છપાયેલ. સંસ્થા પરિવાર શ્રી પ્રજ્ઞાબેનને અભિનંદન પાઠવે છે. ઉપરોકત કોન્ફરન્સમાં NSED, ગુજરાત ચેપ્ટરના મેમ્બર, તેમજ શાળાના શિક્ષક શ્રી કવિતાબેન શાહે હાજરી આપેલ અને NSED ગુજરાત ચેપ્ટરની વર્ષ દરમિયાનની કામગીરીનો રિપોર્ટ રજૂ કરેલ.

## CRE પ્રોગ્રામ:-



ટીચર ટ્રેનિંગ કોલેજ અંતર્ગત ૪ થી ૮ માર્ચ CRE પ્રોગ્રામમાં, સંસ્થાના શિક્ષક શ્રી કવિતાબેન શાહે "Strengthers of CWHCI In learning Subject" પર લેકચર લીધેલ.

## સાંસ્કૃતિક કાર્યક્રમ:-

તા.૧૦-૩-૧૭ ના રોજ શ્રી મહાવીર ઓડિટોરીયમમાં દાતાશ્રી કમલેશભાઈ સંઘવી, શ્રી મધુભાઈ પારેખ, શ્રી કૌશિકભાઈ ચિત્તલીયાની હાજરીમાં એક **સાંસ્કૃતિક કાર્યક્રમ** યોજાયેલ. આ દાતાશ્રીઓ સંસ્થા દર્શન માટે પધારેલ. જેઓએ સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત લીધી. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી અભિભૂત બનેલ. દરેક પ્રસ્તુતિ માટે તેઓએ બાળકોને બિરદાવેલ.

## ભેટ :-



સંસ્થાના દીકરી એવા શ્રી શ્યામાબેન પરમાર, જેઓ સંસ્થાની ટીચર ટ્રેનિંગ કોલેજમાં શિક્ષણ લઈ, શાળામાં શૈક્ષણિક સેવા આપી રહયાં છે. તાજેતરમાં તેમના લગ્ન થયા એ અવસરે, સમગ્ર સંસ્થા પરિવારે, શ્રી શ્યામાબેનને દામ્પત્ય જીવન માટે શુભકામના પાઠવી અને સંસ્થાવતી રૂ. ૧૧૦૦૦/- નો ચેક ચાંદલા-કરિયાવર ભેટ તરીકે તા.૨-૨-૧૭ના રોજ અર્પણ કર્યો.

## પ્રથમ પુણ્યતિથિ :-



જૈન ઈરીગેશન ગ્રુપના સંસ્થાપક સ્વર્ગસ્થ શ્રી ભંવરલાલજી જૈનની **પ્રથમ પુણ્યતિથિ** ૨૫ ફેબ્રુઆરીના રોજ હતી. તે નિમિત્તે, સંસ્થાના તમામ બાળકો તથા 'અંકુર' શાળાના બાળકોને મિષ્ટાન્ન ભોજન કરાવવામાં આવ્યું. આ પ્રસંગે કંપનીના શિહોર પ્લાન્ટના હેડ શ્રી દીપકભાઈ મહેતા તેમના પત્ની, તેમજ અધિકારી સ્ટાફ સંસ્થામાં પધારેલ અને રૂા. ૨૮,૫૦૦/- ના દાનનો ચેક અર્પણ કરેલ.

## પંજાબના અબોહર ખાતે :-




Kenway College of education દ્વારા તારીખ ૧૧-૩-૧૭ અને ૧૨-૩-૧૭ ના રોજ "Inclusive education Realities, Issues and challenges" વિષય પર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ. જેમાં શાળાના શિક્ષક શ્રી પ્રજ્ઞાબેન પંડયાએ પોતાની શ્રવણમંદ દીકરી ફોરમની, શિક્ષણની પ્રક્રિયાને ધ્યાનમાં રાખી, એક **શ્રવણમંદ બાળકોના અભ્યાસ** ના વિષય ઉપર પેપર પ્રેઝન્ટ કર્યું હતું. ઉપરોકત સંસ્થા દ્વારા પ્રકાશિત બૂક "Inclisive education realities, issuse and challenges an anthology of selected paperes persented at the international conference" માં શ્રી પ્રજ્ઞાબેનનો પેપર સામેલ થયો છે. સંસ્થા પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જ્યોતિબેન ભટ્ટી



## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઇ.)

### ટીચર એજ્યુકેટર્સ એવોર્ડ ૨૦૧૬-૧૭ :-

શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળાની ટીચર્સ ટ્રેનિંગ કોલેજના કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈ યાદવને, તાજેતરમાં ૨૦૧૬-૧૭ ના વર્ષનો ત્રીજા **'ધ ઓપન પેજ એજ્યુકેટર્સ એવોર્ડ'** અંતર્ગત, **ટીચર એજ્યુકેટર્સ એવોર્ડ** સુરત ખાતે, ભાગવતાચાર્ય પૂજ્ય શ્રી રમેશભાઈ ઓઝાના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવેલ. તેઓએ શિક્ષકની ગરિમાને ગૌરવવંતી બનાવી, સંસ્થાનું ગૌરવ વધારેલ છે. સંસ્થા પરિવાર તેઓને અભિનંદન પાઠવે છે.

### વસંત પંચમી :-

મહા સુદ પાંચમ એટલે કે, વસંત પંચમીએ તા.૧-૨-૧૭ ના રોજ ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાં વિદ્યાર્થીઓએ શ્રી સરસ્વતી માતાનું ભાવપૂર્વક પૂજન કરી, પ્રાર્થના કરી હતી.

### એક દિવસીય કાર્યશાળા :-

તા.૧૧-૨-૧૭ ના રોજ શ્રી શાહ ખી.લ.બહેરાં મૂંગા શાળા, ટીચર્સ ટ્રેનિંગ કોલેજના ઉપક્રમે તથા વેસ્ટર્ન ઝોનલ કો-ઓર્ડિનેશન કમીટિ અને રીહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સૌજન્યથી, "Awareness Cum Sensitization Workshop For Special Educatins and principals,(Govt., Now Govt. Institutions)" વિષય પર **એક દિવસીય કાર્યશાળા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક તેમજ અન્ય શાળાઓ, S.S.A, N.A.B., IDESS, વગેરે સંસ્થાઓમાંથી ૬૦ જેટલાં વિશિષ્ટ શિક્ષકો હાજર રહયાં હતાં. જેમાં વિકલાંગતાને લગતા મુદ્દાઓ પર શ્રી જીજ્ઞાબેન શાહ, ઈમ્પેકટ ઓન સાઈકો-સોશ્યલ ઈમ્પ્લિકેશન પર શ્રી સંતોષભાઈ યાદવ, વિકલાંગતા વિશે આઈડેન્ટિફિકેશન, ઈન્ટરવેન્શન અને પ્રિવેન્શન ઓફ PWDS પર શ્રી સોમક્રિષ્ણને, ઈન્કલુઝન એન્ડ એકસેસીબિલિટી પર શ્રી ભરતભાઈ જોશી દ્વારા અને RPWD ACt- ૨૦૧૬ પર શ્રી ગૌરીબેન કુલકર્ણી દ્વારા વિસ્તૃત માહિતી અપાય હતી અને મુદ્દાની ઉંડાણથી છણાવટ કરવામાં આવી. આ પ્રોગ્રામનું દિપ-પ્રાકટય અને ઉદ્‌ઘાટન શ્રી ગૌરીબેનના હસ્તે કરવામાં આવ્યું હતું અને સમાપન પ્રસંગે શ્રી ભગીરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, ભાવનગર) ઉપસ્થિત રહયાં હતાં.

### પરિણામ:-

શ્રી એમ.કે. બી. યુનિવર્સીટી દ્વારા સંચાલિત B.Ed. 1st Sem. અને 3rd Sem. નું પરિણામ જાહેર થયેલ છે. 1st Sem.માં ૧૦૦% પરિણામ આવેલ છે. જેમાં કુ. સપનાદેવી ૮૩.૯૦% સાથે પ્રથમ નંબરે પાસ થયેલ છે. જયારે બે વિદ્યાર્થીની ડિસ્ટિકશન માર્કસ સાથે અને ૬ વિદ્યાર્થીઓ ફર્સ્ટકલાસ વર્ગમાં પાસ થયેલ છે. જયારે 3rd Sem. નું ૯૦% પરિણામ આવેલ છે. જેમાં ભુવનેશ શર્મા ૮૩.૨૧% સાથે પ્રથમ નંબરે પાસ થયેલ છે. જેમાં બે વિદ્યાર્થીઓ ડિસ્ટિકશન માર્કસ સાથે અને ૪ વિદ્યાર્થીઓ ફર્સ્ટકલાસ વર્ગ સાથે પાસ થયેલ છે. D.Ed. 2nd Sem. નું ૭૮% પરિણામ આવેલ છે. જેમાં શેરસિંહ ગુર્જર ૮૫.૫૪% સાથે પ્રથમ નંબરે પાસ થયેલ છે. જયારે બે વિદ્યાર્થીઓ ડીસ્ટીકશન માર્કસ સાથે અને ૪ વિદ્યાર્થીઓ ફર્સ્ટકલાસ વર્ગમાં પાસ થયેલ છે.

### ICT પ્રોગ્રામ:-

તા.૧૨-૨-૧૭ ના રોજ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી અંગેના **ટ્રેનિંગ** તથા **એક દિવસીય વર્કશોપ** આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદા-જુદા તજજ્ઞોએ તાલીમ આપી હતી. જેમાં B.Ed. પ્રથમ અને બીજા વર્ષના તાલીમાર્થીઓ તથા TTC ના કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈ યાદવ તથા શ્રી સોમક્રિષ્ણને ભાગ લીધો હતો.

### ઈન્સ્પેકશન :-

મહારાજા કૃષ્ણકુમારજસિંહજી, ભાવનગર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી ટીચર્સ ટ્રેનિંગ કોલેજના સ્વનિર્ભર ધોરણે બે વર્ષ માટે, બી.એડ. (HI) ના અભ્યાસક્રમશીખવવા માટે 'એપ્રુવ્ડ ઈન્સ્ટિટયુટ' ની માન્યતા લંબાવવા અંગે નિમાયેલ LIC દ્વારા તા.૧૫-૨-૧૭ ના રોજ ઈન્સ્પેકશન કરવામાં આવ્યું. ઈન્સ્પેકશન શ્રી જયંતભાઈ વ્યાસ (ડીન, એજયુ. ડિપાર્ટમેન્ટ), શ્રી ગિરીશભાઈ પટેલ (ઈ.સી. સભ્યશ્રી, સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક અને મેડિકલ કોલેજ) અને શ્રી વિકાસ સિંહા (ડીનશ્રી, સરકારી મેડિકલ કોલેજ) દ્રારા કરવામાં આવ્યું.

### CRE પ્રોગ્રામ:-

તા.૪-૩-૧૭ થી તા.૮-૩-૧૭ સુધી પાંચ દિવસ માટે શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટની ટીચર્સ ટ્રેનિંગ કોલેજ અને RCI ના સૌજન્યથી CRE (કન્ટિન્યુઈંગ રીહેબિલિટેશન એજયુકેશન) પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેનો

વિષય હતો "Subject Teaching" વિશિષ્ટ શિક્ષકોના જ્ઞાનને તાજું કરવા, તેમજ નૂતન શિક્ષણનું જ્ઞાન આપવાના હેતુસર, આ પ્રોગ્રામમાં SSA, IDESS અને વિશિષ્ટ શાળાના શિક્ષકો ભાવનગર, અમદાવાદ, સુરત, દીવ, જમનગર વગેરે સ્થળોએથી જોડાયેલ હતાં. શ્રી જે.પી. મજમુદાર દ્વારા દીપ પ્રાગટય કર્યા બાદ, તેઓએ આ સાથે જોડાયેલ વિશિષ્ટ શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતાં. ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી જે.પી. મજમુદાર, શ્રી જીતુભાઈ શાહ (શાળાના ખજાનચી), શ્રી સંજયભાઈ યાદવ ઉપસ્થિત રહેલ. આ CRE પ્રોગ્રામમાં વિશેષજ્ઞો શ્રી હેમાબેન કાલે, શ્રી શર્મિષ્ઠાબેન ઓક, શ્રી સંજયભાઈ યાદવ, શ્રી સંતોષભાઈ યાદવ, શ્રી સોમક્રિષ્નન, શ્રી જીગરભાઈ, શ્રી જીજ્ઞાબેન, શ્રી કવિતાબેન, શ્રી રેશ્માબેન દ્વારા વિવિધ વિષયો પર છણાવટ કરવામાં આવેલ. સમાપન કાર્યક્રમમાં શ્રી ભગીરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, ભાવનગર), શ્રી જયંતભાઈ વ્યાસ (ડીનશ્રી, એજયુકેશન ડીપાર્ટમેન્ટ), ટ્રસ્ટીશ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, શ્રી મૃદુલાબેન, શ્રી ધંધુકિયાભાઈ, શ્રી શર્મિષ્ઠાબેન ઓક વગેરે ઉપસ્થિત રહયાં હતાં અને વિશિષ્ટ શિક્ષકોને મેળવેલ જ્ઞાનનો દિવ્યાંગ ક્ષેત્રે ઉપયોગ કરવા જણાવ્યું હતું. આ પ્રોગ્રામનું સફળ સંચાલન શ્રી સંતોષભાઈ યાદવ દ્વારા કરવામાં આવેલ.

## Indian Sign Language :-

તા.૮-૩-૦૧૭ ના રોજ શ્રી ખી.લ. બહેરાંઓની સંસ્થામાં કર્મચારીઓ માટે, શ્રવણ દિવ્યાંગ બાળકોના અભ્યાસ તેમજ સામાજિકરણ માટે ઉપયોગી બની રહે તે માટે Indian Sign Language તાલીમ કોર્સ Lavel-A આવેલ છે. જે RCI, Ayjhihh તેમજ મૂક-બધિર સંગઠન-ઈન્દોરના સંયુકત પ્રયાસથી, શાળામાં શરૂ કરવામાં આવેલ છે. જેના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી ભગીરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, ભાવનગર), શ્રી જયંતભાઈ વ્યાસ (ડીન,એજયુ. ડિપા.), ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, શ્રી મૃદુલાબેન, શ્રી ધંધુકિયાભાઈ, શ્રી સંકેતભાઈ વગેરે ઉપસ્થિત રહયાં હતાં. તેઓએ આ પ્રયાસને નવજાગૃતિ તરફ લઈ જનાર ગણાવી બિરદાવ્યો હતો. આ તાલીમ કોર્સમાં બે ગ્રુપમાં કુલ ૩૦ કર્મચારીઓ જોડાયેલ છે અને ૩૬૦ કલાકનો કોર્ષ રહેશે અને શાળાના કેમ્પસમાં શિક્ષણ કોર્સ થશે. આ કોર્સ શરૂ કરવા તેમજ દરેક વ્યવસ્થા કરવા માટે ટીચર્સ ટ્રેનિંગ કોલેજના કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈ યાદવે ભારે જહેમત ઉઠાવેલ છે.

## ધૂળેટીના તહેવારની ઉજવણી :-

તા.૯-૩-૧૭ ના રોજ TTC માં એક બીજાને ગુલાલ છાંટી **રંગોત્સવ** મનાવ્યો હતો અને સૌએ ખુશીથી એક બીજાને પર્વ નિમિતે શુભેચ્છાઓ પાઠવી હતી.

## મૂક-બધિર સંગઠન-ઈન્દોરની મુલાકાત :-

તા.૧૬ અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, તેમજ ટ્રેનિંગ કોલેજના કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈ યાદવ શાળામાં **B.Com. નો અભ્યાસક્રમ** શરૂ કરવા માટે મૂક-બધિર સંગઠન ઈન્દોરની મુલાકાતે ગયાં હતાં. શ્રી ખી.લ.બહેરાં મૂંગા શાળામાં હાલમાં શ્રવણ દિવ્યાંગ બાળકો માટે ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ધો.૧૨ કોમર્સ સુધીના વર્ગોનો અભ્યાસક્રમ ચાલી રહયો છે. આ બાળકોને આગળ ઉચ્ચ અભ્યાસ માટે તક મળી રહે, તેમજ પોતાની ઉચ્ચ શૈક્ષણિક કારકીર્દિ બનાવી સમાજમાં સારી રીતે પુનઃસ્થાપિત થઈ શકે તે માટે ઈન્દોરની શાળાના પ્રિન્સિપાલ શ્રી મોનિકાબેન પંજાબી, શ્રી ઉષાબેન તથા શ્રી રાજકુમારની સાથે ચર્ચા વિચારણા કરી હતી. મૂક-બધિર સંગઠન શાળાની મુલાકાત દરમ્યાન, સાઈન લેંગ્વેજ વિશે તેમજ ત્યાં ચાલતાં બી.કોમ. ના વર્ગોનું નિરીક્ષણ કરી, આ માટેના ડોકયુમેન્ટસનો અભ્યાસ કર્યો હતો. શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટમાં બી.કોમ. ના અભ્યાસ માટે કોલેજ શરૂ કરી શકાય તેવા પ્રયાસો, સત્વરે થઈ રહયાં છે.

## ગુજરાતની શ્રેષ્ઠ હાઈટેક પ્રાથમિક શાળા, બોરુ

ડૉ.નવનીત રાઠોડ (નિવૃત્ત પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર ભવન, એમ. કે. ભાવ. યુનિ.)

ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત, વિદ્યાધામપ્રાથમિક શાળા-બોરુ, જે ગામની વસ્તી ૫૬૦૦ની છે અને આ શાળામાં અત્યારે ૪૮૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળાએ **સમગ્ર ગુજરાત રાજયની પ્રથમહાઈટેક શાળા છે.** ઈન્ટેલ કોર્પોરેશન દ્વારા, શાળામાં હાઈ-ફાઈ ટેકનોલોજી સાથેનો ઈન્ટેલ સ્માર્ટ વર્ગખંડ છે. Intel Learning Seriesના ૯૦ લેપટોપ શાળાને મળ્યાં છે. ધોરણ આઠના તમામવિદ્યાર્થીઓ પાસે વ્યકિતગત લેપટોપ છે. શાળાએ OLPC (One Laptop Per Child) નું ધ્યેય પ્રાપ્ત કર્યું છે. લેપટોપ માટે મલ્ટી પાવર સપ્લાય યુનિટ છે. ટચ સ્ક્રીન અને વાઈ-ફાઈ બોર્ડની સુવિધા છે. ઈન્ટરેકિટવ વહાઈટ બોર્ડનું લખાણ, જે-તે વિદ્યાર્થીના પોતાના લેપટોપમાં જોઈ શકાય છે. સમગ્ર રાજયમાં એક માત્ર આ શાળામાં જ સોલાર વિદ્યુત સિસ્ટમછે. યુટયુબ વેબસાઈટ ઉપર, મેહુલ સુથાર કે બોરુ પ્રાથમિક શાળા સર્ચ કરવાથી શાળાની વિવિધ પ્રવૃત્તિના છ વીડિઓ મળે છે, જેનાથી શાળાની પ્રવૃત્તિની વિશેષ માહિતી મળી શકે છે. **વધુ માહિતી માટે શાળાના આચાર્યશ્રી મેહુલભાઈ સુથારના સંપર્ક માટેની વિગતો :-** મો. નંબર-૭૫૬૭૪૩૩૩૭૭ e-mail : mehulkumar341@gmail.com શાળાની વેબસાઈટનું URL : www.vidyadhamborugnr.in (અત્યારે તૈયાર થઈ રહી છે.)



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા


### માતૃભાષા દિવસની ઉજવણી



'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા ખાતે, **માતૃભાષા દિવસ**ની ઉજવણી કરવામાં આવેલી. જે અંતર્ગત શાળાના ટ્રસ્ટી શ્રી ડી.જે. ધંધુકિયા દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ મુખ્ય મહેમાન સુ.શ્રી. પ્રા. રક્ષાબેન દવેએ, માતૃભાષા વિશે અત્યંત રસાળ શૈલીમાં રસપ્રદ માહિતીઓ ખૂબજ ઝીણવટપૂર્વક સમજાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ શ્રી ભાવનાબેન અંધારિયા દ્વારા કરવામાં આવેલ.

### સાંસ્કૃતિક કાર્યક્રમ 'કલરવ પર્વ'ની ઉજવણી

તા. ૫/૩/૧૭ ના રોજ યશવંતરાય નાટ્યગૃહ ખાતે શ્રીમતી મૃદુલાબેન પારેખ, શ્રી મહેશભાઈ ભટ્ટ અને શ્રી હરિકૃષ્ણ અગ્રવાલ (મુન્નાભાઈ શેઠ) ના અતિથિ વિશેષપદે તથા શ્રી મનોજભાઈ શુકલ (પ્રસિધ્ધ કટાર લેખક અને પૂર્વ સહાયક નિયામક, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) ની વિશેષ ઉપસ્થિતિમાં, અંકુર શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમ **'કલરવ પર્વ'** ની ભવ્ય ઉજવણી થઈ હતી. જેમાં શાળાના વિશિષ્ટ બાળકોએ પોતાનામાં છૂપાયેલી **અનોખી ક્ષમતાઓનો** પરિચય કરાવતાં, અદ્‌ભૂત કૃત્તિઓ રજૂ કરેલ. સાથે સી.પી. સ્કૂલ અને શ્રી ખી.લ.બહેરાં મૂંગાની શાળાના બાળકોએ પણ પોતાની કૃત્તિઓ રજૂ કરેલ. આ સાથે સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ બાળકોનું, વાલીઓનું અને શિક્ષકોનું પણ ખાસ સન્માન કરેલ. કાર્યક્રમને ભવ્ય રીતે સફળ બનાવવા બદલ શાળાના સમગ્ર સ્ટાફને ટ્રસ્ટીશ્રીઓએ ખાસ અભિનંદન પાઠવ્યાં હતાં. શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ તથા સફળ સંકલન આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કરેલ.



વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Apro/ug/2017/02/14/rgk

તા. ૧૪-૦૨-૨૦૧૭

**સંદેશ**

માનવજીવન વિવિધતાથી ભરપૂર છે. શારીરિક અને માનસિક મર્યાદાઓ સાથે વહેતા જીવનને અનેક આરોહ-અવરોહનો સામનો કરવો પડે છે. એના માટે ઈશ્વરે દરેક મનુષ્યને કોઇને કોઇ વિશેષ શક્તિ પ્રદાન કરી છે. શારીરિક કે માનસિક અક્ષમતા હોવા છતાં વિવિધલક્ષી સર્જનાત્મક્તાનો ઉદય યોગ્ય સમયે થતો હોય છે. દિવ્યાંગોમાં ચિત્ર, ગાયન, વાદન, વગેરે કલાઓની ભેટ ઈશ્વરદત્ત હોય છે.

જાણીને આનંદ થયો કે, અવરોધને અવસરમાં પલટાવવાનું શ્રેષ્ઠ કામ Ankur Special School for Mentally Retarded Children ભાવનગર-દ્વારા થઇ રહ્યું છે. **મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા "અંકુર"** છેલ્લા ૩૯ વર્ષથી મનોદિવ્યાંગ બાળકોના આરોગ્યનું નિદાન, કૌશલ્યની તાલીમ અને શિક્ષણ વગેરેનું કાર્ય કરી રહી છે, જે પ્રશંસનીય બાબત છે.

પ્રાપ્ય કેલેન્ડરમાં ભાઇ ફેઝુલરઝા પુંજાણી દ્વારા આલેખિત ચિત્રો મનમોહક છે. મનોદિવ્યાંગ હોવા છતાં કેલેન્ડર પર સમાવિષ્ટ ચિત્રકલામાં તેમની પ્રતિભા બેજોડ અને અભિનંદનને પાત્ર છે. એ કલાને યોગ્ય દિશા આપનાર પરિવારજનો તેમજ સંસ્થાના સર્વે કર્મચારીગણને હાર્દિક અભિનંદન

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Meghajikhan K. Saybani,** *Principal,*
*Ankur Specail School For Mentally Retarded Children,*
Plot No. 1945, Nr. Working Women's Hostel,
Sardarnagar, Bhavnagar-364002.
Email:ankurmrschool.bvn@gmail.com

### સેમિનાર-પ્રેઝન્ટેશન

ઝારખંડના રાંચી ખાતે, ઈન્કલુઝિવ એજ્યુકેશન પર આયોજિત, **નેશનલ સેમિનાર**માં, શાળાના શિક્ષકશ્રી રેશ્માબેન શાહ તેમજ શ્રી જીગ્નાબેન શાહે ભાગ લીધેલ. અંધ શાળાના કોન્ફરન્સ હોલ ખાતે, તેમના દ્વારા સચિત્ર પ્રેઝન્ટેશન તૈયાર કરી, સ્ટાફ મિત્રોને સેમિનાર અંગેની માહિતી પુરી પાડવામાં આવેલ.

### ધુળેટી પર્વની ઉજવણી

શાળાના કોમ્યુનિટી હોલમાં **ધુળેટી પર્વ** નિમિત્તે શાળાના બાળકો તથા સ્ટાફ પરિવાર દ્વારા, **રંગોત્સવની ઉજવણી**, ખૂબજ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

# અમો ઋણી છીએ દાતાઓના

PNR
HOPE 4 ALL

## ૧ ફેબ્રુઆરી - ૨૦૧૭ થી ૩૧ માર્ચ - ૨૦૧૭ સુધી
## રૂ. ૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી

## P. N. R. SOCIETY

### (35 A.C. : MEDICAL)

| | |
|---|---|
| Shri Jayesh Khantilal Shah - Bhavnagar | 30,000.00 |
| Dr.R.B.Thorat - Bhavnagar | 40,000.00 |
| Shri Nalini P. Sampat - Mumbai | 25,000.00 |
| Shri Gangadas V.Modi - Mumbai | 100,000.00 |
| Shri Maya B. Daftari - Mumabi | 5,000.00 |
| Shri Amit Hasmukhlal Parikh - Mumbai | 250,000.00 |
| Shri Pravinchandra O. Kadakia - Mumbai | 10,000.00 |
| M/S. Elson Packging Industries Pvt.ltd - Mumbai | 500,000.00 |
| Shri Rasikbhai Ratilal Doshi - Mumbai | 100,000.00 |
| Dr.R.B.Thorat - Bhavnagar | 40,000.00 |
| Shri Kumar Minerals - Bhavnagar | 100,000.00 |
| M/S. Jindal Aluminium Limited - Bangalore | 20,000.00 |
| Shri Jayesh Kumarpal Kothari - Mumbai | 5,000.00 |
| Shri Parapani Parag Rashmikant - Mumbai | 11,000.00 |
| Shri Himatlal Shantilal Sheth - Mumbai | 40,000.00 |
| Shri Bhavi Hemant Sanghavi - Mumbai | 50,000.00 |
| Shri Arvindbhai Kantilal Shah - Mumbai | 11,000.00 |
| Shri Kumudben Manilal Shah - Mumbai | 15,000.00 |
| Dr.R.B.Thorat - Bhavnagar | 40,000.00 |
| Shri Dinshaw Darabsha Siganporia - Mumbai | 50,000.00 |
| Shri Jayavadan Manilal Tralshawala - Mumbai | 11,151.00 |
| M/S. Aarvi Encon Private Limited - Mumbai | 10,000.0 |
| Dr.Rakesh Markandeya - Solan (H.p.) | 5,000.00 |
| Shri Parag Jitendra Parikh- Mumbai | 20,000.00 |
| Shri Hansaben Harshadbhai Mehta - Mumbai | 25,000.00 |
| Shri Bhogilal Manilal Mehta - Mumbai | 10,000.00 |
| Shri Hemaxi Hemantbhai Pandya - Mahuva | 2,500.00 |
| Shri Jayantkumar Govindji Ashara - Mumbai | 7,000.00 |
| Shri Vasantrai M.Gandhi - Mumbai | 310,000.00 |
| Shri Vasantrai M.Gandhi - Mumbai | 90,000.00 |
| Shri Devanganaben J.Desai - Mumbai | 30,000.00 |
| M/S. Navdeep Chemicals Pvt.ltd - Mumbai | 50,000.00 |
| Menal Rasesh Parikh - Mumbai | 125,000.00 |
| Shri Anirudh Rasesh Parikh - Mumbai | 125,000.00 |
| Shri Himanshu Jasvantrai Shah - Mumbai | 10,000.00 |
| M/S. Gautam Trading Corporation-Bhav. | 50,000.00 |
| Shri Bhavisha H.Dhruva - Mumbai | 5,000.00 |
| Shri Hardik M.Dhruva - Mumbai | 10,000.00 |
| M/S. Mahendra Dhruva & Co. - Mumbai | 5,000.00 |
| Shri Mahendra D.Dhruva Huf - Mumbai | 5,000.00 |
| Shri Mahendra D.Dhruva - Mumbai | 5,000.00 |
| Shri Leelam M.Dhruva - Mumbai | 5,000.00 |
| Shri Neha Mehta - Mumbai | 10,000.00 |
| Shri Neha Mehta - Mumbai | 10,000.00 |
| Shri Manoj Pande - New Delhi | 10,000.00 |
| Shri Pravina Dinesh Doshi - Mumbai | 25,000.00 |
| M/S. Cooltech Enterprises - Mumbai | 51,000.00 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5,000.00 |
| Shri Hemantbhai Gopaldas Udeshi - Mumbai | 5,000.00 |
| Shri Dipak Rajnikant Solani - Mumbai | 5,000.00 |
| Shri R.C.Anandpara(huf) - Mumbai | 25,000.00 |
| Shri Ambrish B.Dani - Mumbai | 25,000.00 |
| Shri Chitresh N. Mody - Mumbai | 11,000.00 |
| Shri Sunil Navinchandra Mehta - Mumbai | 25,000.00 |

### 35 AC : C.P. School Construction & Corpus Fund

| | |
|---|---|
| Shri Varshaben Kantilal Desai - Mumbai | 21,000.00 |
| Shri Madhuri Girishbhai Mehta - Mumbai | 21,000.00 |
| Shri Suresh C.Doshi - Mumbai | 100,000.00 |
| M/S. Legal Heirs Of Gokaldas Haridas Laijawala - Mumbai | 200,000.00 |
| Shri Dhruviben Acharya - Mumbai | 100,000.00 |
| Shri Jyoti Ramesh Ajmera - Mumbai | 500,000.00 |
| M/S. K.uttamlal (Exports) Pvt.ltd. - Mumbai | 50,000.00 |
| Shri Bhupendrabhai Himatlal Shah-Mumbai | 126,000.00 |

### F.C.R.A. PROJECT

| | |
|---|---|
| M/S. So Hum Foundation Dollar - U.S.A. | 525,017.00 |
| M/S. Heart And Hand For The Handicapped Dollar - U.S.A. | 1,625,569.00 |

### (80-G)

| | |
|---|---|
| Shri Mukeshbhai A.Doshi - Bhavnagar | 5,000.00 |
| Shri Prafulbhai Shah - Bhavanagr | 10,000.00 |
| Shri Anantbhai H. Raval - Bhavanagr | 6,000.00 |
| M/S. B.K.Parekh Parkinson's Disease & Movment Disorder - Mahuva | 41,000.00 |
| Shri Manharlal A.Punjani Charitable Trust - Mumbai | 51,000.00 |
| Shri Langaliya Prashant Bipinbhai, Ladhi. Dist.amrelu | 5,000.00 |
| Shri Dilipbhai K.shah And Navadiya Sarang Navnitray - Bhavnagar | 5,000.00 |
| Shri Prashantbhai Bipinbhai Lagaliya-A.bad | 1,000.00 |
| Shri Rameshchandra Vadilal Doshi Charitable Trust - Mumbai | 11,000.00 |
| Smt.Shantaben Ratilal Trikamaji Mehta Charitable - Mumbai | 5,000.00 |
| Shri Deepaben T.Usharbhai Shah - Mumbai | 2,000.00 |
| Shri Meenaben Dwarkadas Gandhi - Mumbai | 6,000.00 |
| Shri Meenaben Dwarkadas Gandhi - Mumbai | 5,000.00 |
| Shri Lataben Hemantbhai Sheth | 10,000.00 |
| Late Shri Navinchandra Premchandra Shah(bhutiyawal) - Bhavnagar | 1,500.00 |

| | |
|---|---|
| M/S. Jain Irrigation Systems Ltd. - Sihor | 7,500.00 |
| Shri Harsukh B.mehta Charitable Trust - Mumbai | 50,000.00 |
| Shri Kapol Vidyanidhi Trust - Mumbai | 1,100,000.00 |
| Shri Manojbhai Harshadbhai Shukla - Bhavnagar | 10,000.00 |
| Shri Shree Kandivali Kapol Seva Samaj - Mumbai | 5,000.00 |
| Shri K.B.Sanghavi Charity Trust - Mumbai | 300,000.00 |
| Shri Vimalaben Arvindbhai Parekh - Bhav. | 5,000.00 |
| Ashokbhai Y.Vidwans - Mumbai | 1,000.00 |
| Shri Prafulbhai Revashanker Dave - New York 1179 | 110,000.00 |
| Girishbhai B.Dave - Bhavnagar | 10,000.00 |
| Shri Shreyas Pracharak Sabha - Mumbai | 30,000.00 |
| Shri Chetanbhai M.Parekh - Mumbai | 90,000.00 |
| Shri Vikas Mansukhlal Parekh - Mumbai | 100,900.00 |
| Shri Chetanbhai M.Parekh - Mumbai | 9,100.00 |
| Charu Mukund Bhuta - Mumbai | 20,000.00 |

## K. L. INSTITUTE FOR THE DEAF

### (35 A.C.)

| | |
|---|---|
| Shri Sanjay Mashruwala - Mumbai | 15000 |
| Dr.V.G.Chandarana - Dwarka | 20000 |
| M/S. Precision Wires India Limited - Mumbai | 51000 |
| Shri Naliniben M. Patel - Bhavnagar | 30001 |
| Shri Bhogilal Manilal Mehta - Mumbai | 10000 |
| Shri Hiren Mahendrabhai Ajmera - Mumbai | 31000 |
| Shri Chetan Mahendrabhai Ajmera - Mumbai | 31000 |
| Shri Vimlaben Arvindbhai Parekh - Bhavnagar | 5000 |
| M/S. Crest Chemical - Mumbai | 500000 |
| M/S. Shashi Industries - Banglore | 100000 |
| Shri Nitinbhai Arvindbhai Jhaveri - Mumbai | 31000 |
| Shri Pallaviben Nitinbhai Jhaveri - Mumbai | 31000 |
| Shri Pratapbhai Shamjibhai Parekh - Mumbai | 232000 |
| Shri Rashmiben Pratapbhai Parekh - Mumbai | 200000 |
| Shri Himanshubhai Pratapbhai Parekh-Mumbai | 100000 |
| Shri Alkaben Himanshubhai Parekh - Mumbai | 100000 |
| Shri Pranav Hrushikesh Mehta - Mumbai | 31000 |

### (80-G)

| | |
|---|---|
| Shri Anantrai Harishankar Raval - Bhavnagar | 1500 |
| Shri Niranjanaben Bharatbhai Shah - Mumbai | 20000 |
| Shri Girishbhai R. Shah - Mumbai | 20000 |
| Shri Dipikaben G. Shah - Mumbai | 20000 |
| Shri Pareshbhai R. Shah - Mumbai | 20000 |
| Shri Lataben Mukundray Juthani - Mumbai | 20000 |
| Shri Vasumatiben R. Sheth - Mumbai | 6000 |
| Shri Anantrai A. Shah - Bhavnagar | 1300 |
| M/S. Shantamani Enterprise - Bhavnagar | 36000 |
| M/S. Snigdho Rao - Mumbai | 2500 |
| Shri Dhirajlal Amrutlal Sheth - Mumbai | 3000 |
| M/S. Jain Irrigation System Ltd - Bhavnagar | 28500 |
| Shri Manjulaben Prafulachandra Joshi - Bhav. | 1111 |
| Lt.Navinchandra Vinaychandra Shah - Banglore | 3000 |
| Shri Lilavatiben Parmanandbhai Shah - Mumbai | 5000 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 3000 |
| M/S. Navneet Foundation - Ahmedabad | 7000 |
| Shri Jayaba K. Zala - Bhavnagar | 1000 |

| | |
|---|---|
| Shri Nikuben Gandhi - Bhavnagar | 5650 |
| Dr. Jitendra Chikara - Bhavnagar | 1500 |
| Lt. Maheshbhai L. Bhoraliya - Bhavnagar | 6000 |
| Shri Ranjadevi - Bhavnagar | 5000 |
| Shri Ashaben Dilipkumar Vyas - Bhavnagar | 8000 |
| Lt. Hansaben Babubhai Moradiya - Bhavnagar | 5000 |
| Shri Mukeshbhai Nagjibhai Italiya - Bhavnagar | 3060 |
| Shri Avniben Jimitkumar Patel - Ahmedabad | 5000 |
| Surajben Maganlal Shah Trust - Mumbai | 25000 |
| Kandivali Kapol Seva Samaj - Mumbai | 5000 |
| Shri Varshaben B. Lalani - Bhavnagar | 7000 |
| Shri Kavitaben Ratibhai Thakkar - Bhavnagar | 2100 |
| Shri Jayantbhai V. Karia - Bhavnagar | 11000 |
| Shri Arunbhai Diwakar - Bhavnagar | 3500 |
| Shri Ankitbhai Rajgor - Bhavnagar | 3500 |
| Shri Vijaybhai Algotar - Bhavnagar | 10000 |
| Shri Kiritbhai Mahanlal Trivedi - Bhavnagar | 11000 |
| Shri Anisha P. Panjwani - Bhavnagar | 11000 |
| Shri Hasti J. Modi - Bhavnagar | 2200 |
| Jan Seva Trust - Veraval | 3000 |
| Sheri Dhirajlal Vrujlal Chudasama - Bhavnagar | 7000 |
| Shri Rajeshbhai Ramniklal Modi - Mumbai | 5000 |
| Shri Bhupenbhai S. Patel - Mumbai | 8000 |
| Shri Bharatbhai R. Shah - Mumbai | 20000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

### (80-G)

| | |
|---|---|
| Shri Kishorkumar Dhirajlal - Bhavnagar | 21000 |
| Shri Khoja Isnari Jamat - Bhavnagar | 14000 |
| Shri Payalben M. Mehta - Bhavnagar | 11000 |
| Shri Juna Bundar Industries Association - Bhavnagar | 11000 |
| Shri Jaidipsinh Dilipsinh Chudasama - Bhav. | 10101 |
| Smt. Shantaben Ratilal Mehta - Mumbai | 10000 |
| Shri Snigdha Rav - Bhavnagar | 6000 |
| Shri Vinodkumar Ramkrishna Saw - Bhavnagar | 5001 |
| Shri Vaishnav Samaj - Bhavnagar | 5000 |
| Shri Indubhai M. Trivedi - Bhavnagar | 5000 |
| Shri Hiralben Devalbhai Zala - Bhavnagar | 5000 |
| Shri Chandravadanbhai C. Maniyar - Bhavnagar | 5000 |
| Shri Apurvabhai Parekh - Bhavnagar | 5000 |
| Shri Rajeshbhai Ramaniklal Modi - Mumbai | 5000 |
| Shri Pragnyaben A. Pujara - Bhavnagar | 3000 |
| Shri D. L. Sachdev Cherateble Trust - Haidrabad | 3000 |
| Smt. Yashodaben Topandas - Bhavnagar | 2600 |
| Shri Jitendrabhai P. Dave - Bhavnagar | 1500 |
| Shri Zaibunben Marchant - Bhavnagar | 1225 |
| Shri Manjariben Mankad - Bhavnagar | 1000 |
| Shri Athenika - Bhavnagar | 1000 |
| Shri Ashokbhai B. Metahta - Shihor | 1000 |



# 'એક કદમ કામિયાબી કી ઓર' ઓટિઝમ અવેરનેસ મન્થ

# 'વાર્ષિકોત્સવ'ની ઉજવણી













ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવા) ધરાવતાં બાળકોની શાળા ખાતે, તા. ૯/૦૪/૧૭ ના રોજ **"ઓટિઝમ અવેરનેસ મન્થ"** ના રુપમાં **વાર્ષિકોત્સવ-૨૦૧૭** ની ઉજવણી કરવામાં આવી હતી. શાર્તુલ ફાઉન્ડેશન મુંબઈ - કોર્પસ ફંડમાંથી એવોર્ડસ, પુરસ્કાર વિતરણ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ, અતિથિવિશેષશ્રીઓ શ્રીમતી આલોકા ગુહા, (પૂર્વ ચેરપર્સન, નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી), શ્રી સુરેશભાઈ ધાંધલ્યા - (ચેરમેન, સ્ટેન્ડિંગ કમીટિ, ભાવનગર મહાનગરપાલિકા), મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), સહ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, આસિ. ચીફ એકિઝકયુટીવ શ્રી પારસભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા (કે.એલ.), મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ (અંકુર), ટ્રસ્ટી શ્રી મફતભાઈ, પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ, ડૉ. ડી. જે. ધંધુકિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયા, ડો. સુજાતા, શ્રી ઉમાજી, ડૉ. સરલાબેન (વિદ્યાસાગર- ચેન્નઈ), વિવિધ વિકલાંગતા ધરાવતાં દિવ્યાંગ બાળકો અને તેમના વાલીઓ, વિશિષ્ટ શિક્ષકો અને કર્મચારીગણની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો.

સમારંભના મુખ્ય અતિથિ શ્રીમતી આલોકાબેન ગુહાએ પોતાના **કી-નોટ એડ્રેસ** માં, '**ફોરવર્ડ થિંકિંગવાળા બુઝુર્ગ મેનેજમેન્ટ**, મંત્રીશ્રી બાબાભાઈ, કાઉન્સિલર શ્રી જીજ્ઞાબેન શાહ, વિશિષ્ટ શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝા અને દિવ્યાંગ બાળકો તથા શિક્ષકોના કાર્યની ભરપૂર પ્રસંશા કરી, પ્રેમ અને શુભેચ્છા સાથે, બંગાળી નવા વર્ષની શુભેચ્છાઓ આપી હતી.'

પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ દ્વારા શાર્તુલ ફાઉન્ડેશન, મુંબઈના ફંડમાંથી **ગુરૂ એવોર્ડ**, શ્રી જયોતિબેન પરમાર અને શ્રી રેશ્માબેન ભાવસાર, **બેસ્ટ પ્રોફેશનલ એવોર્ડ**, ડૉ. કલ્પેશભાઈ દેસાઈ (ફિઝીયોથેરાપિસ્ટ), **બેસ્ટ કેરટેકર એવોર્ડ**, શ્રી હર્ષાબેન પાડલિયા અને શ્રી શશિકલાબેન જોષી, **બેસ્ટ ફેમિલી એવોર્ડ**, શ્રી અબ્દુલ વાહિર સિપાઈ, **ડી.એસ.ઇ. (સી.પી.) એવોર્ડ**, શ્રી ખુશ્બુબેન પંડયા અને શ્રી આસ્થાબેન અજમેરાને, ઉપસ્થિત મહાનુભાવો દ્વારા અર્પણ કરાવવામાં આવ્યાં હતાં.

**રંગારંગ વાર્ષિકોત્સવ** માં **જંગલ થીમ** પર આધારિત, એક-એકથી ચડિયાતાં સાંસ્કૃતિક કાર્યક્રમો, મગજના લકવાવાળા, મંદબુધ્ધિ, બહેરાં-મૂંગા બાળકો અને વિશિષ્ટ શિક્ષકો દ્વારા રસપ્રદ રીતે પ્રસ્તુત કરવામાં આવેલ, જેને ઉપસ્થિત મહાનુભાવોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

ડૉ. ડી. જે. ધંધુકિયા દ્વારા, **સંસ્થામાં નોંધપાત્ર યોગદાન આપનાર સાથી** શ્રી ભાસ્કરભાઈ ભાવસારનું બહુમાન, સન્માનપત્ર સાથે મુખ્ય અતિથિ શ્રી આલોકા ગુહાના હસ્તે કરાવવામાં આવેલ, જયારે ડૉ. અમિતભાઈ મિત્રાનું બહુમાન, શ્રી સુરેશભાઈ ધાંધલ્યા દ્વારા કરવામાં આવેલ. પ્રતિભાવમાં બંને મહાનુભાવોએ, સંસ્થાને સન્માન બદલ ધન્યવાદ આપેલ.

સહ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા, **માતૃભાષા ગૌરવ દિન** નિમિત્તે યોજાયેલ **નિબંધ સ્પર્ધામાં વિજેતા ઘોષિત** થવા બદલ,મહાનુભાવોના હસ્તે, સર્વશ્રી જીજ્ઞાબેન શાહ, ખેવનાબેન ઓઝા તથા જયોતીબેન પરમારને, **એવોર્ડ** એનાયત કરવામાં આવેલ હતાં. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા તથા આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ હતી.

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 April-2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com